Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैनधर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्या
कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, मा
नीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपू
भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं
हायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनया
अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः,
व्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा,
र्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्ब
लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं,
तव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः,
नि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञानेन, ततो भविष्यति
साधुधर्मानुष्ठानभाजनता ॥

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૭ મું. ફાગણ. સંવત ૧૯૬૮. શાકે ૧૮૩૩. અંક

ગુર્જર ભાષાન્તરિત

## कल्याणमंदिरस्तोत्र

( અનુવાદક માવજી દામજી )

અનુસંધાન પૃષ્ટ ૩૨૪ થી.

વસંતતિલકા વૃત્ત.

નીચે પડ્યા ઉપર કેશ વિરૂપ એવા,
જે મર્ત્યમુંડ ઝુમણાં કર માંય તેવા;
પ્રેર્યાં યમે, પ્રભુ તમારી સમીપ હેતે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે ધન્ય ! તેજ ભુવનાધિપ જે ત્રિસંધ્યા,
આરાધતાં વિધિ યથા મૂકી અન્ય ધંધા;
ભક્તિથી ઉલ્લસિત રોમ શરીર દેશ,
હે પૂજ્ય પાદ ! પણુ આપ તણાં જિનેશ ! ૩૪

તું આ અપાર ભવસાગરમાં જિનેંદ્ર !
છું માનું હું નથી પડ્યો મુજ કર્ણ કેન્દ્ર;
જો હોય કર્ણગત નામ પવિત્ર મંત્ર,
આવે શું ! તો સમીપ સર્પિણી કષ્ટતંગ, ૩૫

માનું છું નાથ ! મુજ વાંછિત પૂરનારૂં,
જન્માંતરે ચરણુ સેવ્યું નહિ તમારૂં;
તેથીજ આ ભવ વિષે હું થયો નિવાસ,
વાંછિત ભંજક પરાજયનો હુતાશ ! ૩૬

તું એક વાર પણુ દ્રષ્ટ નથી અમોએ,
નિશ્ચેજ મોહ તિમિરાવૃત લોચનોએ;
જોયાં હતે કદિ જિનેંદ્ર, તમો અમે જો,
શું કર્મ બન્ધ ગતિયોજ અનર્થ દે તો ! ૩૭

કર્ણે પડ્યો છું વળી સેવિત છું નિરીખ્યો,
કિંતુ ન ભાવથી વિભો ! મનમાંય પેખ્યો;
હે પૂજ્ય ! તેથીજ થયો છું હું દુઃખ માપિ,
"જે ભાવ શૂન્ય કરણી ન ફળે કદાપિ." ૩૮

હે નાથ દુઃખિજન ભકિત સુભાવવાળા,
આધીન, શ્રેષ્ટ કરૂણા વળી પુણ્ય પાળા;
ભકિતથકી પ્રભુ ! નમેલ જનો સુધારો,
કષ્ટાંકુરો તણુંજ ઉન્મૂલન પ્રસારો. ૩૯

નિઃસંખ્ય સાર ગૃહ ! જે શરણું શરણ્ય !
છે ક્ષીણુ શત્રુ થકી જે પ્રથિતાગ્રગણ્ય;
એવું લહી ચરણુ અંબુજ આપ વંદ્ય,
હા !!! હું છું વધ્ય કદિ જો પ્રણિધાન વંધ્ય. ૪૦

ત્રૈલોકયનાથ ! વિભુ ! ઈંદ્રિનરેંદ્ર વશ્ય !
જાણેલ છે વિવિધ વસ્તુ તણું રહસ્ય;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધિ કરો પ્રભુ ! મને કરૂણા પ્રવાહ !
પીડિતને ભયદ કષ્ટથી રક્ષ નાહ ! ૪૧

જો હોય કાંઇપણ નાથ ! જ બ્રહ્મસદ્મ,
ભકિતતણું ફળ મને તુજ પાદ પદ્મ;
તો હે શરણ્ય ! મુજ નાથ તમારી સેવા,
નિશ્ચે ભવાંતર વિષે ભવમાં અને આ. ૪૨

હે નાથ ! સંસ્તવ તમારૂં રચે જનો જે,
આ રીતથી વિધિ સહિત વિચક્ષણો તે;
રોમાંચ કંચુકિત અંગ વિભાગ રક્ત,
તારૂં પવિત્ર મુખ અંબુજ હોય સકત ! ૪૩

( આર્યા )

જન નયન કુમુદચંદ્ર ! સુશોભિતા સ્વર્ગ લક્ષ્મી ભોગવીને;
ભવિકો મોક્ષજ પામે, કર્મ કલંકો દૂરે કરીને. ૪૪

---

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

# चैतनमाळीने शुद्ध चेतनानी प्रेरणा.

[તું તો ન્યારો થઇને બેસે છે નારાયણારે—એ રાગ]

ચેતન ચતુર સુઘડ માળી નિજ બાગ સુધારજે રે,
ચિત્તભૂમિની વિશુદ્ધિ સૌથી પ્રથમ સંભાળજે રે. એ ટેક.
વિષમપણું ટાળી અંતરથી, સમ રીતે કરજે સુનજરથી;
સદ્ગુણ બીજ અનુકૂલ ખાતર નાખજેરે. ચેત૦ ચિત્ત૦ ૧
ઢાંકી નિરાશંસતા ધુળે, જ્ઞાન વારિ સિંચો અનુકૂળે;
ફૂલે જેમ ગુણાંકુર એમ વિચારજેરે. ચેત૦ચિત્ત૦ ૨
(પછી) જો વિકસે સદ્ગુણ વનરાજી, નાનાવિધ અનુભવ રસ તાજી;
પત્ર પુષ્પ શુભ ગંધ સુખે દિલ ઠારજે રે. ચેત૦ચિત્ત૦ ૩
સંવર વાડ વિવેકે સારી, કરી રાખજે દૃઢતા ધારી;
મોહાદિક ચોરોને નહીં પેસાડજેરે. ચેત૦ ચિત્ત૦ ૪
સમ્યગ્ રત્નત્રયી ફલ લહીને, ભેટ આપજે શ્રીજિનજીને;
અંતયોગી પ્રસન્ન કરી શિવ સાધજેરે. ચેત૦ ચિત્ત૦ ૫
શુદ્ધ ચેતના પ્રીતિ ધરીને, પ્રેરે વિશુદ્ધ ભાવ વરીને;
ઠરીને બેસે ચેતન એ શિક્ષા ભજેરે. ચેત૦ ચિત્ત૦ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન સેવક અંતરમાં ભાળે, જોતાં સહજ શીવશ્રી નિહાળે;
થાય બ્રહ્મરૂપ અભેદ ભવ માયા તજેરે. ચેત૦ ચિત્ત૦ ૭

જૈન સેવક ગીરધર હેમચંદ

## ज्ञानसारसूत्रविवरण.

### विद्या अष्टक. (१४)

(લેખક સન્મિત્ર કર્પૂર વિજયજી.)

અનંતર અષ્ટકમાં ઉપદિષ્ટ મુનિત્વ યથાર્થ વિદ્યાતત્ત્વોપયોગિ બુદ્ધિવાળા વિરક્ત પુરૂષનેજ સંપજે છે તેથી શાસ્ત્રકાર વિદ્યાઅષ્ટક નિરૂપે છે.

नित्य शुच्यात्मताख्याति–रनित्याशुच्यनात्मसु ॥
अविद्यातत्त्वधीर्विद्या, योगाचार्यैः प्रकीर्तिता ॥ १ ॥

ભાવાર્થ—અનિત્ય, અશુચિ અને અનાત્મિક પરવસ્તુને નિત્ય, પવિત્ર અને પોતાની લેખવવી એ અવિદ્યાનું લક્ષણ અને વસ્તુને વસ્તુગત યથાર્થ જેવા રૂપમાં હોય તેવા રૂપમાં બરાબર સમજવી એ વિદ્યાનું લક્ષણ છે, એમ યોગાચાર્યોએ શાસ્ત્રમાં કહ્યું છે. ૧

**વિવેચન**—દેહાદિક પુદ્ગલો પાણીના પરપોટાની પેરે અથવા વીજળીના ઝબકારાની પેરે જોતાં જોતાંમાં નાશ પામી જનારા–ક્ષણભંગુર છે, પરમ દુર્ગંચ્છનિક એવા મળ મૂત્રાદિક અશુચિ પદાર્થોથી ભરેલા છે અને ગમે તેટલા સુંદર વસ્ત્રાલંકારથી મંડિત કર્યા છતાં તેમજ ભાતભાતનાં ભોજનાદિકથી પોષ્યા છતાં કદાપિ પોતાના થયા, થતા કે થવાના નથી. તેજ દેહાદિક પુદ્ગલોને અનાદિ મોહ–અજ્ઞાનવશ વર્તીપણાથી કાયમ ટકી રહેનારા—કદાપિ વિણસી નહિ જનારા શાશ્વત માનવા, જાણે ઉત્તમ સુગંધી પદાર્થોથી પૂરેલા–પવિત્ર હોય એવા લેખવવા, તેમજ આ શરીર મારૂંજ છે અથવા આ શરીર એજ હું છું, શરીર પુષ્ટ થયે હું પુષ્ટ થાઉં છું અને શરીર ક્ષીણ થયે હું ક્ષીણ થાઉં છું એવી મમતા દેહાદિક ઉપર રાખી હરેક રીતે તેનું પોષણ કરવામાંજ સ્વબુદ્ધિની સાર્થકતા લેખવવી તેને અતત્ત્વમાં તત્ત્વ બુદ્ધિરૂપ અવિદ્યા કહી છે. અને શાસ્ત્રકારોએ દેહાદિક જડ પદાર્થોનું જે અનિત્ય, અશુચિ અને અનાત્મિક સ્વરૂપ જણાવેલું છે તે તેવુંજ માનવું અને તેથી વિરક્તતાની વૈરાગ્યવડે સાર તત્ત્વ ખેંચી લેવા સ્વબુદ્ધિનો ઉપયોગ કરવો તેને શાસ્ત્રકારે સદ્વિદ્યા કહી છે. આ દેહાદિક જડ પદાર્થોમાંથી શી સાર વસ્તુ ખેંચી શકાય ? અર્થાત સદ્બુદ્ધિ યોગે તેનો કેવો ઉપયોગ કરી શકાય ? તેનું સંક્ષેપથી અન્યત્ર નિરૂપણ આવી રીતે કરવામાં આવ્યું છે. " તત્ત્વાતત્ત્વ–સારાસાર–હિતાહિતનો નિર્ધાર કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેવો તે બુદ્ધિ પામ્યાનું ફળ છે, ઉત્તમ વ્રત નિયમ આદરી આત્મદમન કરવું એ આ દુર્લભ માનવ દેહ પામ્યાનું ફળ છે, પાત્ર–સુપાત્રનું પોષણ કરવું તે પુણ્યપનોતી લક્ષ્મી પામ્યાનું ફળ છે અને અન્ય જનોને રૂચે એવું હિતકારાં મિષ્ટ વચન વદવું એ વાચા પામ્યાનું ઉત્તમ ફળ છે એમ સમજવું."

મતલબ કે વસ્તુને વસ્તુ ગતે જાણી–નિર્ધારી તેમાંથી સારતત્ત્વ આદરી લેવું અને અસાર તત્ત્વ તજી દેવું. એજ સદ્‌વિદ્યાનું સાચું લક્ષણ અને સદ્‌વિદ્યાનું સાર્થકપણું સમજવું. ૧

જે પરમાર્થ સમજીનેજ ઉચિત પ્રવૃત્તિ કરે છે તેનો પરાભવ કરવા મોહ પણ સમર્થ થઇ શકતો નથી એમ શાસ્ત્રકાર જણાવે છે—

यः पश्येन्नित्यमात्मान–मनित्यं परसंगमं ॥
छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ॥ २ ॥

ભાવાર્થ–આત્મા નિત્ય અવિનાશી છે, તેની કદાપિ નાસ્તિ થતીજ નથી, સદા સર્વદા તેની અસ્તિતા છે. અને આ આત્માનો થતો પર સંયોગ વિનાશશીલ છે, તેનો તો અવશ્ય વિયોગ થવાનોજ છે, એવો જેને નિશ્ચય થયો છે તેને મોહ ચોરટો છળી શકતો નથી. સદ્વિદ્યાસંપન્ન આત્મા મોહનો જય કરી અખંડ સુખ સાધી શકે છે, પણ સદ્વિદ્યા વિહીનને તો મોહ ચોરટો સદા સંતાપ્યાજ કરે છે. માટે મોક્ષાર્થીએ સદ્વિદ્યાસંપન્ન થવા સર્વદા સદુદ્યમ સેવવો.

વિવેચન–જે મહાનુભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગરૂપ લક્ષણ વડે લક્ષિત આત્માને નિત્ય–અવિનાશી માને છે અને શરીરપ્રમુખ પરસંયોગિક પદાર્થોને અનિત્ય લેખે છે, તેનો પરાભવ મોહ કરી શકતો નથી. જેમ જાતિવંત રત્નની જ્યોતિ રત્નથી ન્યારી રહેતીજ નથી તેમ જ્ઞાનાદિક ગુણો આત્માથી ન્યારા રહેતાજ નથી પણ આત્મામાંજ સદા કાયમ રહે છે. જેમ ખાણમાંના હીરા ધૂળથી ઢંકાયેલા હોય છે–માટીથી ખરડાયેલા હોય છે તેથી તેને શુદ્ધ કરવાની તો જરૂર પડે છે જ. જ્યારે ધૂલીજન્ય તેમની સઘળી મલીનતા જતી રહે છે ત્યારે સત્તાગત રહેલી સ્વભાવિક જ્યોતિ પ્રકાશી નીકળે છે, તેમ આત્મામાં સત્તાગત રહેલા અનંત જ્ઞાનાદિક ગુણો વિવિધ કર્મના આવરણવડે ઢંકાયેલા હોવાથી પરમ નિપુણ જ્ઞાની પુરૂષોએ બતાવેલા ઉપાયોનું જ્યારે યથાવિધ સેવન કરવામાં આવે છે ત્યારે સત્તાગત રહેલા આત્માના સમસ્ત ગુણો સારી રીતે પ્રકાશી નીકળે છે. સદુપાયના સેવનવડે પૂર્વે પણ અનેક મહાશયોએ આત્મામાં સત્તાગત રહેલી સકળ સમૃદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. તેમ અત્યારે અને હવે પછી પણ જે કોઇ ભવ્ય જનો તેવાજ પવિત્ર લક્ષથી સદુપાયનું સેવન કરે તે પણ તેવીજ રીતે પોતામાંજ કર્માવરણથી ઢંકાઇ રહેલા સકળ સદ્‌ગુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણોને પ્રગટ કરી શકે છે. અનાદિ અજ્ઞાન યોગે જીવ જ્યાંસુધી શરીરાદિક ક્ષણુ વિનાશી પદાર્થો ઉપરની મૂર્છા-મમતા તજતો નથી ત્યાંસુધી પૂર્વોક્ત સદુપાય તેને હાથ આવતો નથી તેથી તે બાપડા અજ્ઞાની જીવ વારંવાર મોહવડે અનેક પ્રકારની વિડંબના પામ્યાજ કરે છે.

જેના ઘટમાં સદ્દભાગ્ય યોગે સહજ કે કોઇ સદ્દગુરૂના અનુગ્રહથી વિવેકદીપક પ્રગટ્યો છે, જેથી પોતે પોતાની અનાદિ ભૂલને સમજી સુધારવા શક્તિવાન થયો છે તેનાથી મોહજ પોતે ડરતો રહે છે. ૨

સદ્વિવેકવંત પરવસ્તુમાં મુંઝાતોજ નથી તે કહે છે.

तरंगतरलां लक्ष्मी–मायुर्वायुवदस्थिरम् ॥

अदभ्रधीरनुध्याये–दभ्रवद् भंगुरं वपुः ॥ ३ ॥

ભાવાર્થ-નિર્મળ બુદ્ધિવાળો આત્મા લક્ષ્મીને જલતરંગની જેવી ચપળ લેખે છે, આયુષ્યને વાયુની જેવું અસ્થિર લેખે છે અને શરીરને શરદના મેઘની જેવું ક્ષણભંગુર લેખે છે. એવી અસ્થિર પરવસ્તુઓમાં વિવેકવાન મુંઝાતો નથી.

વિવેચન--સદ્વિવેકવડે જેની બુદ્ધિ પુષ્ટ નિર્મળ અસ્ખલિત છે તે ઇંદ્રની સાહેબીને તેમજ ચક્રવર્તી અને વિદ્યાધરાદિકની ઋદ્ધિને સમુદ્રમાં ઉઠતા કલ્લોલની પેરે ચંચળ -જોતા જોતામાં વિયુક્ત થઈ જનારી જાણે છે અને લક્ષ્મીનું એવું ચંચળપણું જાણીને તેના ઉપર મૂર્છા-મમતા નહિ રાખતાં તેનો વિલંબ વગર સદુપયોગ કરી લે છે. આયુષ્યને પવનની જેમ જલદી પસાર થઇ જતું જાણીને જેમ તેની સફળતા થવા પામે તેમ પ્રમાદ રહિત પ્રવર્તન કરે છે. અંજળીમાં રહેલા જળની જેમ આયુષ્ય જોતાં જોતાંમાં પૂરૂં થઇ જાય છે એમ સમજી આત્મ સાધન કરી લેવામાં સુજ્ઞ જનો આળસ કરતાજ નથી. ફક્ત મોહ-મૂઢ અજ્ઞજનોજ સ્વહિત સાધનની ઉપેક્ષા કરે છે. વિવેકી જનો તેવી ઉપેક્ષા કરતાજ નથી. કેમકે તેઓ તો ઉત્તમ એવા માનવ દેહની કિંમત સમજે છે. જે મૂઢજનો સ્વદેહનું દમન કરી લેવાને બદલે મોહ વડે તેનુંજ પોષણ કરવા અનેક પ્રકારના પાપારંભ સેવે છે તેમને પણ તેવી રીતે પોષણ કરાયેલો દેહ અંતે કંઇ પણ સહાયભૂત થતો નથી. દેહ ઉપર ગમે તેટલી મૂર્છા-મમતા છતાં કાચી માટીના ઘડાની જેમ અથવા કાચની શીશીની જેમ તેને વિણસતાં વાર લાગતીજ નથી. તેનું સંરક્ષણ કરવા ગમે તેટલા ઉપાય યોજ્યા છતાં ક્ષણવારમાં તેનો ક્ષય થઈ જાય છે ત્યારે મનના મનોરથ મનમાંજ રહી જાય છે એમ પ્રગટ જોતાં છતાં મૂઢજનો અંધની પેરે આગળ કશું દેખીજ શકતા નથી ત્યારે જ્ઞાની વિવેકી જનો તો ઉક્ત દેહનું દમન કરી આત્મ સાધન કરી લેવા ચૂકતા નથી. તેઓ પૂર્વ પુણ્ય યોગે પ્રાપ્ત થયેલી આ માનવ દેહાદિક સામગ્રીને શરદનામેઘની જેમ ક્ષણભંગુર લેખે છે. કહ્યું છે કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" આતમ જ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ;
ઈંદ્રજાળ કરી લેખવે, મીલે ન તહુ મન મેલ."
" જ્ઞાન વિના વ્યવહારકો, કહા બનાવત નાચ;
રત્ન કહો કોઉ કાચકું, અંત કાચ સો કાચ."
" રાચે સાચે ધ્યાનમેં, જાચે વિષય ન કોય;
નાચે માચે મુગતિરસ, આતમજ્ઞાની સોય."

જે મહાનુભાવ આત્મજ્ઞાન (અધ્યાત્મ) રસિક હોઇ રાગ દ્વેષ રહિત–સમભાવી છે તે સઘળી સાંસારિક માયાને ઇન્દ્રજાળ તુલ્ય ગણી તેમાં લપટાતો નથી પરંતુ તેથી ન્યારોજ રહ્યા કરે છે. આત્મજ્ઞાન ( અધ્યાત્મ લક્ષ ) વગર અજ્ઞાનતા ભરેલી ગમે તેટલી બાહ્ય કરણી કરવામાં આવે તેથી આત્મકલ્યાણ સાધી શકાય નહિ. ત્યારે તેજ કરણી જો અંતરલક્ષ (ઉપયોગ) સહિત કરવામાં આવે તો તેથી સહેજે સ્વહિત સધાઇ શકે છે. અંતરલક્ષ વગરની શૂન્ય કરણી કેવળ કાચના કટકા જેવી નિર્માલ્ય છે ત્યારે અંતરલક્ષ સહિત કરાતી કરણી રત્નની જેવી અમૂલ્ય છે. એમ સમજીનેજ અધ્યાત્મરસિકજનો વિષય કષાયાદિકને વશ કરવા ( જીતવા ) રૂપ અંતરંગ ક્રિયા સાધે છે. મતલબ ગમે તે કરણી કરતાં તેમનું મૂળ લક્ષ આત્માના અનાદિ દોષો ટાળવા અને સત્તાગત સદ્‌ગુણો પ્રગટ કરવા તરફજ રહેલું હોય છે, તેથીજ તેમની સઘળી ક્રિયા સફળ ગણાય છે. તેઓ કદાપિ કેવળ લોકરંજનાર્થે ગતાનુગતિક પણે વર્તતા નથી. તેમની કરણી અતિ ઉચ્ચ આશયથી શિષ્ટાચાર અનુસારેજ પ્રવર્તે છે. તેથી તેની અનુમોદના કરનાર પણ સુખી થઇ શકે છે. જે ખરા આત્મજ્ઞાની (અધ્યાત્મી) પુરૂષ હોય તે માઠા સંકલ્પ–વિકલ્પ કરતા નથી, પરંતુ તેવા સંકલ્પ વિકલ્પોને શમાવી દઇ નિર્વિકલ્પ દશાને પામવા માટે સદા શુભ ધ્યાનજ ધ્યાવે છે. પાંચે ઇંદ્રિઓને મન સહિત કબજે કરવા પ્રયત્નશીલ હોય છે. પ્રારબ્ધયોગે પ્રાપ્ત સુખ દુઃખમાં સમભાવે વર્તે છે. સંતોષવૃત્તિથી નાના પ્રકારનાં વિષયસુખની અભિલાષા કરતા નથી તેમજ ગમે તેવાં આકરા કષ્ટમાં પણ પોતાની પ્રકૃતિ બગાડતા નથી. મતલબ કે કોઇની કશી દીનતા કરતા નથી પરંતુ અદીનપણે યથાપ્રાપ્તમાં સંતોષ ધારે છે. તેમની વૃત્તિ (લક્ષ) કેવળ મોક્ષ તરફજ વળેલ હોય છે. તેથી જેમ જન્મ મરણના ફેરા ટળે તેમ નિષ્કામપણે (આ લોક તેમજ પરલોક સંબંધી પુદ્‌ગલિક સુખની સ્પૃહા રાખ્યા વગર) પ્રમાદ રહિત પવિત્ર રત્નત્રયીનું યથાવિધ આરાધન કરવામાંજ અહોનિશ ઉજમાળ રહે છે. એવા તત્ત્વવેદી મુમુક્ષુ મહાપુરૂષની બલિહારી છે. તેવા અધ્યાત્મરસિકજનોવડેજ આ પૃથ્વી રત્નગર્ભા ગણાય છે. પરંતુ જેઓ તત્ત્વજ્ઞાન રહિત જડમતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જનો છે તેઓ તો સ્વદેહાદિક જડ પદાર્થોમાંજ મુંઝાઇ સ્વકર્તવ્ય કર્મથી વિમુખ રહે છે તેમજ તેવો તેમનો પડેલો અભ્યાસ ભવાંતરમાં પણ તેમને આડો આવે છે, જેથી દેહાદિક ઉપર લાગેલી મૂર્છા ટળી શકતી નથી એમ શાસ્ત્રકાર બતાવે છે.

शुचीन्यप्यशुचीकर्तुं, समर्थेऽशुचीसंज्ञवे ॥
देहे जलादिना शौच–भ्रमो मूढस्य दारुणः ॥ ४ ॥

ભાવાર્થ–અપવિત્ર એવા વીર્ય તથા રૂધિર વિગેરેથી જેની ઉત્પત્તિ છે અને અશુચિમય હોવાથી પવિત્ર વસ્તુને પણ અપવિત્ર કરી નાંખે છે એવા દેહને જળ વિગેરેથી સાફ કરવાનો પ્રયાસ ગમે તેટલો કરવામાં આવે તોપણ તે સર્વ નિષ્ફળજ થાય છે, છતાં મૂઢ લોકોને દેહ શૌચ કરવાનો મોટો ભ્રમ લાગેલો હોય છે, તેથી અશુચિમય દેહને સાફસુફ કરવા અહોનિશ યત્ન કર્યા કરે છે. ૪.

વિવેચન–જો ઊંડી આલોચના કરી જોવે તો સમજી શકાય એમ છે કે આ ઔદારિક દેહ, પિતાનાં વીર્ય અને માતાનાં રૂધિર રૂપ અશુચિથીજ ઉત્પન્ન થાય છે એટલુંજ નહિ પરંતુ ગમે તેવાં સુંદર વસ્ત્ર વિલેપન તથા પાન ભોજન વિગેરે પણ તેના સંસર્ગથી અશુચિમય બની જાય છે. એવા અશુચિથી ભરેલા દેહમાં અજ્ઞાની જીવ મુંઝાઇ, નહિ કરવાનાં પાપકર્મ કર્યા કરે છે. તેની ખાતર અનેક જાતના આરંભ સેવીને જાત જાતના ભોજન રસાયણ પ્રમુખ તૈયાર કરી–કરાવીને તેનું પોષણ કરે છે. ભાતભાતનાં વસ્ત્ર અલંકાર પ્રમુખથી તેને શણગારે છે. વિવિધ પ્રકારના સ્નાન વિલેપન પ્રમુખથી તેની સુશ્રુષા કરે છે. પરંતુ ક્ષણવારમાં છેહ દઇ જનાર, અનેક પ્રકારનાં રોગથી આકુળ અને અશુચિમય હોઈ અશુચિ ભરેલા મળનેજ શ્રવતા એ દેહને જળથી ધોઇ સાફ કરી પોતે પવિત્ર થાયછે એવો ભારે મહોટો ભ્રમ મૂઢ જનોને લાગેલો છે. એવા પ્રકારનો પરમાર્થશૂન્ય દ્રવ્યશૌચ તો જળચર જીવો પણ અનેકશઃ કરે છે તેથી કશું આત્મ કલ્યાણ સાધી શકાતું નથી. આત્મકલ્યાણ તો ભાવશૌચ વડેજ સધાયછે એમ શાસ્ત્રકાર સ્પષ્ટ પણે સમજાવે છે.

यः स्नात्वा समताकुंभे, हित्वा कश्मलजं मलम् ॥
पुनर्न याति मालिन्यं, सोऽन्तरात्मा परः शुचिः ॥ ५ ॥

ભાવાર્થ–ખરેખરા પવિત્ર શૌચના અર્થીએ સમતા રસના કુંડમાં સ્નાન કરીને સર્વ પાપમલનો ત્યાગ કરી પાવન થવું, જેથી પુનઃ મલીન પણું થાયજ નહિ. પૂર્વ મહાપુરુષોએ આવોજ ઉત્તમ શૌચ પોતે સેવી સર્વને હિત માટે બતાવ્યો છે. તે મુજબ જેઓ વર્તે છે તેઓ પરમ પવિત્ર મહાપુરૂષોની ગણનામાં આવે છે. ૫.

વિવેચન–રાગ દ્વેષરૂપ કષાય-તાપને સમાવી-શાન્ત કરી આપનાર શમામૃતથી ભરેલ સમતાકુંડમાં ભાવ–સ્નાન કરીજે મહાનુભાવ પોતાનાં ભવ ભવ સંચિત અશુભ કર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળને ધોઈ નાંખે છે તે પરમાર્થથી પવિત્ર થયેલો પુણ્યાત્મા ફરીને મલીન ભાવ પા[ ] જ નથી. શાસ્ત્રમાં પોતપોતાના અધિકાર પરત્વે (યોગ્યતા અનુસારે)ધર્મ સાધ[ ] મર્યાદા બતાવી છે તેથી જો કે મલીનારંભી (અનેક પ્રકારના પાપારંભમાં રક્ત) ગૃ[ ] ને દ્રવ્ય સ્નાનની આજ્ઞા (સંમતિ) આપેલી છે પરંતુ તે દેવાધીદેવની પૂજા નિ[ ] તેમજ અતિથિ-અણગાર (નિગ્રંથ-મુનિરાજ) ની સેવા ભકિત નિમિત્તેજ. એટ[ ] ગૃહસ્થે ઉક્ત દ્રવ્ય શૌચ કરતી વખતે પોતાનો પવિત્ર ઉદ્દેશ લક્ષમાં રાખીનેજ [ ] પ્રાય: અન્ય જીવોનો ઉપરોધ (વિનાશ) ન થાય તેમ જયણા સાચવવી ખાસ જરૂ[ ] છે. જેમ સ્નાન કરતી વખતે જયણાની જરૂર છે તેમ તદનંતર પ્રભુ પૂજામાં પ્રવર્ત[ ] તે નિમિત્તે વપરાતાં પુષ્પજલાદિકમાં પણ બહુજ જયણા સહિત વર્તવાની જરૂર [ ] ભાવ વૃદ્ધિમાટે પ્રભુ અંગે કે પ્રભુ પાસે ઢોકવામાં આવતાં દ્રવ્યો પૈકી કોઈ પ[ ] સચેતન દ્રવ્યને અશકય પરિહારને ટાળી કિલામણા ન ઉપજે તેવી અને તેટલા પૂર[ ] સંભાળ રાખવાની ભવભીરૂ ભક્ત-ગૃહસ્થની ખાસ ફરજ છે.

ઉક્ત રીતે પ્રભુ ભકિત નિમિત્તે વાપરવામાં આવતાં દ્રવ્યો પણ દ્રવ્ય ભાવ[ ] શુધ્ધ જોઈએ. એટલે કે તે દ્રવ્ય સરસ સુંદર ખુશબોદાર અને તાજાં શુધ્ધ કરે[ ] જોઈએ પરંતુ જેવાં તેવાં મલીન તેમજ જીવાકુલ ન જોઇએ. તેમજ ન્યાય યુક્ત બ[ ] વસાય વડે પેદા કરેલાં દ્રવ્યથી મેળવેલાં ભાવ શુધ્ધ હોવાં જોઇએ.

એવી રીતે સ્વસંપત્તિ-સાધન અનુકૂળ સંયોગાનુસાર વિવિધ દ્રવ્યોવ[ ] પ્રભુ પૂજા વિરચી ગૃહસ્થે પણ મુખ્ય લક્ષ ભાવ શૌચ (ભાવ પૂજા) તરફજ દોરવ[ ] વાનું છે. સાચા દીલથી પ્રભુની સ્તુતિ કરી તે નિષ્કારણ બંધુએ જગતના કલ્યાણ અર્થે કરેલી આજ્ઞાઓનું યથાશકિત પાલન કરવા આપણાથી બનતું કરવું જોઈએ જગતના સર્વ જીવો સાથે વૈર-વિરોધ ટાળી મૈત્રીભાવ રાખવો, સદ્દગુણીના સદ્દગુણ દેખી સાંભળી દીલમાં પ્રમુદિત થાવું, દીન અનાથજનો ઉપર તેમજ ધંધામાં સીદાત સાધર્મી જનોઉપર દ્રવ્ય ભાવથી કરૂણા ભાવ રાખવો, તેમજ દેવગુરૂના પણ નિંદ[ ] નિષ્ઠુર પરિણામી મહા મૂઢ મતિ જનો ઉપર મધ્યસ્થ ભાવ રાખવો, તેમનાં તેવ[ ] અકૃત્યોથી તે અવશ્ય દુ:ખી થશેજ એમ સમજી કર્મથી કચરાયેલા તે પામર પ્રાણી-ઓ ઉપર રીસ ન કરવી, તેમજ પાપ વૃત્તિમાં આસકત એવા તેમની સાથે રાગ પણ ન જોડવો. તેમનાથી ઉદાસીન રહેવું. એવી રીતે ભાવના ચતુષ્ટયનું આલંબન લઈ ગૃહસ્થે પણ ગૃહસ્થયોગ્ય ધર્માચરણ કરવું અને અનાદિ પાપ અભ્યાસનો પરિહાર કરવો-તેમ કરવા બનતો પ્રયત્ન કરવો એ પ્રભુની ભાવ પૂજા (ભાવ શૌચ) ગૃહસ્થ-આશ્રી સમજવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુનિરાજને તો સમસ્ત પરવ્યાપારના પરિહાર પૂર્વક પંચ મહાવ્રતોનું યથાવિધ સેવન કરવું, પાંચે ઇંદ્રિયોનું દમન કરવું, ક્રોધાદિક કષાયોનો જય કરવો અને મન વચન કાયાને કાબુમાં રાખવા રૂપ સર્વ સંયમનું સારી રીતે પાલન કરવું; તેમજ સદ્દગુરૂની આજ્ઞા અનુસારે પ્રવર્તવું, આપમતિથી આજ્ઞા વિરૂદ્ધ ન ચાલવું એજ ભાવપૂજા કહી છે. ક્ષમાદિક દશવિધ યતિધર્મનું યથાવિધ પાલન કરતાં સમતાવંત સાધુઓ છેવટે સકળ કર્મનો સર્વથા ક્ષય કરી પરમ પવિત્ર બને છે. ગમે તેવા પરિસહ ઉપસર્ગોમાં પણ અડગ રહી અદીનપણે સર્વ સહન કરનારા મહાનુભાવ મુનિજનો મહાવીર પરમાત્માની પેઠે અંતે પોતાના આત્માને કર્મ—આવરણ રહિત કરી જયાં જન્મ જરા અને મરણ સંબંધી લેશ માત્ર પીડા નથી એવી પરમ પવિત્ર પદવી પામે છે. તેવા પરમ પવિત્ર આત્માઓનું અમને સદાય શરણ હજો ! પ્રાતઃસ્મરણીય તેમના નામ પણ પવિત્રજ છે. તેમના પવિત્ર ચરિત્રનું વારંવાર સ્મરણ કરી અનુકરણ કરનાર ભાવિત આત્મા સ્વવીર્યોલ્લાસથી કર્મ કલંકને દૂર કરી પરમાનંદ પદને પામી શકે છે. મતલબ કે અંતર શુદ્ધિથી સકળ સિદ્ધિ સંપજે છે, તેથી આત્મકલ્યાણ સાધવા ઇચ્છનારે તે તરફ ખાસ લક્ષ રાખવાની જરૂર છે. આત્મજ્ઞાનવડે તેવું લક્ષ થવું સુલભ હોવાથી હરહમેશ આત્માર્થી જનોએ તેનો પરિચય રાખવો જોઇએ.

કેટલાક મુગ્ધજનો કહે છે કે જાણપણા કરતાં અજાણપણામાંજ ફાયદો છે, તે તેમની વાત મિથ્યા છે. કારણકે અજ્ઞાનવડેજ જીવ સખ્ત કર્મનો બંધ કરે છે અને જ્ઞાનવડે તો કર્મથી મુક્ત થાય છે. એમ શાસ્ત્રકાર જણાવે છે.

आत्मबोधो न वः पाशो, देहगेहधनादिषु ॥
यः क्षिप्तोप्यात्मना तेषु, स्वस्य बंधाय जायते ॥ ६ ॥

ભાવાર્થ—જેઓ દેહાદિક પર વસ્તુઓમાં મમતા બાંધે છે તેઓ બાપડા પોતેજ બંધાઇ જાયછે, એમ સમજીને સુવિવેકી જનો પરવસ્તુઓમાં આસકિત ધારતા નથી.

વિવેચન—હે ભવ્યજનો ! આત્મજ્ઞાનવડે તમે બંધાશો નહિં પરંતુ બંધનથી મુક્ત થઇ શકશો. કેમકે આત્મજ્ઞાનવડેજ સ્વપરની યથાર્થ ઓળખાણ થઇ શકે છે, જેથી અનુપયોગી પરવસ્તુનો પરિહાર કરીને જીવ આત્મોપયોગી વસ્તુ તત્વનો સ્વીકાર કરી લે છે. શાસ્ત્રકારે પોતેજ સમાધિતંત્રમાં કહ્યું છે કે—

'કેવળ આતમ બોધ હૈ, પરમારથ શિવ પંથ;
તામેં જિનકું મગનતા, સોહિ ભાવ નિગરંથ.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાચું મોક્ષમાર્ગદર્શક અને સાધક માત્ર આત્મજ્ઞાનજ છે. આત્મ વગર ખરા મોક્ષ માર્ગની યથાર્થ સૂઝ પડતી નથી તેથી તે માર્ગે તનમનથી ળાતુંજ નથી. એ આત્મજ્ઞાનમાં જે મહાનુભાવ નિમગ્ન થયેલ છે. યાવત્ પરપ (મોહ માયા) થી મુકત થયેલ છે તેજ શુદ્ધ સાધુ નિગ્રંથ છે. આત્મજ્ઞાન કેવળ શુકપાઠીને તો શાસ્ત્રકાર ખરા સાધુની ગણનામાં ગણાતાજ નથી. આત્મ વગરના પામર પ્રાણીઓ પગલે પગલે (ક્ષણે ક્ષણે) મોહ માયામાં મુંઝાઇ નવાં કર્મથી બંધાયાજ કરે છે. તેથીજ પરિણામે દેહ, ગેહ અને ધનાદિક થોમાં મિથ્યા મમતા બાંધી બાંધીને ભવ ભવમાં ભમી ભમી તેઓ બહુ દુઃખી કરે છે. માટે આત્મજ્ઞાન બંધનકારક નથી પરંતુ આત્મ-અજ્ઞાનજ બંધનકાર અને તેથી અજ્ઞાન-અંધકાર દૂર કરવા માટે અહોનિશ આત્મજ્ઞાન સંપાદન કરી વાનો દૃઢ પ્રયત્ન કરવો જોઇએ; એમ સહેજે સિદ્ધ થાય છે. વળી વિદ્વાન પુરૂષ અનુભવરસ ચાખે છે તેનાથી અજ્ઞાન જીવ બેનશીબજ રહે છે તે શાસ્ત્રકાર બતાવે છે.

मिथो युक्तपदार्थाना–मसंक्रमचमत्क्रिया ॥
चिन्मात्रपरिणामेन, विदुषैवानुभूयते ॥ ७ ॥

ભાવાર્થ–વિદ્વાન્ પુરુષ જ્ઞાન ચક્ષુથી સર્વ પદાર્થને સ્વસ્વભાવમાંજ રહેલા દેખે સંયુકત વસ્તુનો વિયોગ થાય છે, પણ કોઇ વસ્તુ પોતાનો મૂળ સ્વભાવ તજી દે નથી, એમ જ્ઞાની પુરુષો સાક્ષાત્ અનુભવી પોતે સ્વસ્વભાવમાંજ સ્થિત રહે છે. રા દ્વેષને તજી સર્વત્ર સમભાવથી અનુવર્તન કરનારાજ વિદ્વાન્ ગણાય છે.

વિવેચન–એક ક્ષેત્રાવગાહી (એકજ આકાશ પ્રદેશમાં આવી મળી રહેલાં) ધ અધર્મ જીવ અને પુદ્ગલ દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં સદાય સ્થિત રહે છે તેએ કદાપિ પોતપોતાનો સ્વભાવ તજતાજ નથી એમ તત્ત્વજ્ઞો સારી રીતે સમજે છે. કે સંયોગિક વસ્તુનો વિયોગ તો થાયજ છે તોપણ તે પોતાનો મૂળ સ્વભા તજી દઇ પર સ્વભાવ ગ્રહી લેતા નથી એમ સમજી અનુભવ સહિ જોનારા જ્ઞાની પુરૂષો અનુપયોગી પરવસ્તુમાં આસકત બની સ્વ સ્વભા (પોતાના મૂળ ધર્મ) ને ભૂલી જતા નથી. ગમે તેવા સંયોગમાં પણ જ્ઞાન પુરૂષો પોતાનું મૂળ નિશાન ચૂકતા નથી. તેજ ખરા જ્ઞાની છે. અનાદિ અજ્ઞાનને નાશ કરી જ્ઞાની પુરૂષો કેવો ઉત્તમ લાભ હાંસલ કરી શકે છે એ શાસ્ત્રકા બતાવે છે.

अविद्यातिमिरध्वंसे, दृशा विद्यांजनस्पृशा ॥
पश्यन्ति परमात्मान–मात्मन्येव हि योगिनः ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ભાવાર્થ**—સદ્દર્શનરૂપી અંજનશલાકા (સળી)થી અવિવેકરૂપી અંધકાર નષ્ટ થયે છતે યોગી પુરૂષો પોતાના ઘટમાંજ પરમાત્માને સાક્ષાત્ દેખે છે. સદ્વિવેકવાન યોગી સર્વ વિભાવને દૂર કરીને પરમાત્મભાવને સાક્ષાત્ અનુભવે છે.

વિવેચન—અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિરૂપ અનાદિ અજ્ઞાન દૂર કરવા ભાગ્યવશાત્ સત્ સાધન–સદ્ગુરૂ પ્રમુખની જોગવાઇ મળી આવી હોય ત્યારે પ્રમાદાદિક તેર કાઠીયાને દૂર કરી વિનય બહુમાન પૂર્વક શ્રી જિનેશ્વર પ્રણીત શાસ્ત્રનું યથાવિધિ શ્રવણ અને મનન કરવામાં આવે તો તે જ્ઞાનના પરાક્રમથી અજ્ઞાન અંધકાર સહેજે દૂર થઇ શકે અને અધિક વીર્યોલ્લાસ વડે શાસ્ત્રનિર્દિષ્ટ સત્ય માર્ગનું–શુદ્ધ સંયમ ધર્મનું સેવન કરવામાં આવે તો તેથી જીવનાં અનાદિ કર્મ આવરણ દૂર થવા પામે અને પરિણામે પોતાના આત્માનું શુદ્ધ સ્ફટિક સદૃશ (રાગાદિક દોષ વર્જિત નિર્વિકાર) સ્વરૂપ પ્રગટ થઇ શકે. મહેલની સીડીની પેરે ગુણસ્થાનક શ્રેણી ઉપર જીવ પુરૂષાર્થ યોગે અનુક્રમેજ ચડી શકે છે. ભવ્ય જનોને સર્વ અનુકૂળ સાધન મળતાં તેવી યોગ્યતા પ્રાપ્ત થઇ આવે છે. યોગ્યતાવંતનો સર્વ પુરૂષાર્થ લેખે પડે છે. તેથી તથાપ્રકારની યોગ્યતા સંપાદન કરવા અનુકૂળ સાધન–સામગ્રી પામીને પ્રમાદ કરવો ઘટતો નથી. મનની ક્ષુદ્રતા અને કઠોરતાદિક દૂર થતાં તેવી યોગ્યતા પામવી સુલભ થાય છે. સુવિનીતપણાથી સદ્વિદ્યા, સદ્વિદ્યાવડે સમ્યક્ત્વ, સમ્યક્ત્વ વડે ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થઇ શકે છે. એવી રીતે સંમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ રત્નત્રયીની પ્રાપ્તિ વડે પરમાત્મ સ્વરૂપ સેહેજે પ્રકાશે છે.

ઇતિશમ્

# तीर्थयात्राप्रसंग

ગંતાકથી ચાલુ.

જે જે પર્વતોની ઉપર તીર્થંકર ભગવંત અથવા ઉત્તમ મુનિમહારાજા સિદ્ધિપદને વર્યા છે તે તે પર્વતોની ઉપર એક અથવા તેથી વધારે સંખ્યામાં જિનચૈત્યો બંધાવવામાં આવેલા હોવાથી તે તીર્થસ્થાન ગણાય છે અને તેની યાત્રા માટે અનેક ઉત્તમ જીવો સાંસારિક કાર્યોમાંથી અવકાશ મેળવીને આવે છે. તીર્થયાત્રાના લાભની સાથે ત્યાં બીજા પણ અનેક લાભો મળી શકે છે તેનું દિગ્દર્શન આ લેખના આરંભમાંજ કરાવવામાં આવેલ છે.

એવા તીર્થસ્થળોની જેમ જે શહેરમાં સંખ્યાબંધ જિનાલયો હોય છે તે શહેરો પણ યાત્રાસ્થળોજ ગણવા લાયક છે. સંસારમાં નિમગ્ન અને દ્રવ્યસંચયમાં આસક્ત જૈન બંધુઓએ પોતાના દ્રવ્યનો એવા શહેરોની અંદર જિનચૈત્યો બાંધીને સદુપયોગ કરેલો હોય છે. આ ગુજરાતમાં અમદાવાદ, પાટણ, ખંભાત અને સુરત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ચાર શહેરો ઘણી મોટી સંખ્યામાં જિનચૈત્યો ધરાવે છે. હાલમાં આ ચારે શહેરોમાં પ્રાયે દરેક જિનચૈત્યો આરસથી, રંગ રીપેરથી તેમજ કેટલાકનો જીર્ણો-દ્ધાર કરીને એવા સુંદર બનાવવામાં આવ્યા છે કે તેમાં પ્રવેશ કરતાં અને દર્શન કરતાં પરમ આલ્હાદ થાય છે. તે સાથે એવા ઉત્તમ કાર્યમાં પોતાના દ્રવ્યનો સદુપયોગ કરનારની સહેજે અનુમોદના થાયછે. આ સમકિતને નિર્મળ કરવાનું પરમ સાધન છે તેથી તેનો લાભ લેવા સુજ્ઞ જૈનબંધુઓએ અવસર મળ્યે ચૂકવું નહીં

## સુરત.

આ શહેરમાં સંખ્યાબંધ જિનચૈત્યો છે. તેનો મ્હોટો ભાગ ગોપીપુરામાં અને વડા ચૌટામાં છે. તેની અંદર કેટલાક ચૈત્યો તો અત્યંત રમણિક છે. તેનાથી જરા દૂર આવેલું ચિંતામણિ પાર્શ્વનાથજીનું મંદિર બહુજ સુંદર છે. તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવેલો હોવાથી તેની રમણિકતામાં વૃદ્ધિ થઈ છે. જીર્ણોદ્ધાર કરતાં તેની અસલ ખુબી જે કાષ્ટની અંદર મોટા ખર્ચે સુંદર કોતરકામ કરીને બતાવેલી છે તે કાયમ રાખવામાં આવી છે. તેમાં સારૂં ડહાપણ વાપર્યું છે, કારણકે કાષ્ટની અંદર એવી કારીગરી હાલમાં કવચિતજ જોવામાં આવે છે.

સુરત શહેરની સાથે સંબંધ ધરાવતા કતારગામની અંદરનું મહાન ચૈત્ય બહુજ આનંદ આપે તેવું છે. લાઈન્સમાં આવેલું સુંદર અને નવી ઢબછબથી બાંધેલું અદ્ભુત ચૈત્ય ખાસ દર્શન કરવા લાયક છે. રાંદેરની અંદરના દેરાસરે પણ સુંદર છે. તેની અંદર પણ હાલમાં સુધારો વધારો સારો થયેલ છે.

લાઇન્સની અંદર આવેલા દેરાસરમાં વિજળિક રોશની દાખલ કરેલી છે, તે રોશનીથી દેરાસર રાત્રિને વખતે બહુ રમણિક લાગે છે. આ રોશની દાખલ કરવા લાયક છે કે કેમ ? તેને માટે તેમાં લાભ હાનિ શું શું છે તે બતાવનારો લેખ ખાસ જુદો લખવા વિચાર હોવાથી અહીં તે વિષે વધારે લખવામાં આવતું નથી

## જઘડીઆ.

સુરતને ભરૂચની વચ્ચે અંકલેશ્વર સ્ટેશનથી નાંદોદ રેલવેનો એક જુદો ફાંટો કાઢવામાં આવ્યો છે. તેની અંદર જઘડીઆ સ્ટેશન છે. અંકલેશ્વરથી રેલ ફી માત્ર રૂ ૦-૩-૬ બેસે છે. સ્ટેશનથી ગામ સુમારે એક માઈલ જેટલું દૂર છે ત્યાં દેરાસર શિખરબંધ બહુજ રમણિક બાંધેલું છે. તેની ફરતી ભોયણીની જેમ ધર્મશાળા બાંધવામાં આવી છે પરંતુ તેનો આગળનો દર્શન ભાગ બહુ સુંદર દેખાવવાળો ખાસ પથ્થરની કમાનોથી બાંધવામાં આવેલો છે. આ રાજપીપળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્ટેટનો મહાલ છે. તેના તરફથી થાણદાર ત્યાં રહે છે. વ્યાપાર રોજગાર પણ ઠીક ચાલે છે. પોસ્ટ વિગેરેની સગવડ છે.

આ ગામની અંદર પ્રથમ સંવત ૧૯૨૨ની શાલમાં હાલમાં સ્ટેશન છે તેની પાસેના ખેતરમાંથી શ્રી ઋષભદેવજીના અદ્‌ભુત બિંબ નીકળ્યા હતા. સાથે ચક્રેશ્વરી દેવી પણ નીકળ્યા હતા. જિનબિંબ સુમારે ૧ાા ગજની ઉંચાઈના છે. સંપ્રતિરાજાના ભરાવેલ છે. આ બિંબ એવા સુંદર છે કે તેના દર્શન કરતાં પરમ આલ્હાદ ઉત્પન્ન થાય છે. તેનો અનુભવ દર્શન કરનારનેજ થઈ શકે તેમ છે.

આ બિંબ નીકળ્યા તે વખત રાજપીપળા સ્ટેટના રાજાએ પોતે જિનચૈત્ય બંધાવી તેની અંદર સંવત ૧૯૨૮ના માહ વદિ ૫ મે પ્રતિષ્ઠા કરી હતી. પરંતુ તે ચૈત્ય કારીગરોની બેદરકારીથી અથવા તેવાજ બીજા કારણોથી એવું બંધાયું કે તે થોડા વખતમાં જીર્ણ થઇ ગયું, પછી કેટલાક પ્રયાસથી રાજ્યની મંજુરી મેળવી એ ચૈત્ય કાઢી નાખી નવું ચૈત્ય તમામ પથ્થરનું શિખરબંધ બાંધવામાં આવ્યું અને તેની અંદર સંવત ૧૯૫૯ના વૈશાક શુદિ ૪ થે પ્રતિષ્ઠા કરવામાં આવી. આ મુહૂર્ત એવું સુંદર નીવડ્યું કે જેથી દિનપરદિન પ્રતાપ વધતો ચાલ્યો. યાત્રાળુની સંખ્યા વધારે આવવા લાગી અને આવક પણ સારી થવા લાગી. એટલે દેરાસર ફરતી ધર્મશાળા પણ ઘણી સુંદર બાંધવામાં આવી. તેની અંદર બીજી ધર્મશાળાઓ કરતાં ખાસ એક સગવડ વધારે કરવામાં આવેલી છે તે એ છે કે તેની નજદીકમાં એક શ્રી સંઘના તાબાનો બગીચો છે, તેમાં મોટો કુવો છે, તેની પાસે એક પથ્થરની ટાંકી બાંધી છે, તે અરહટ્ટ ઘટિકાથી ભરી રાખવામાં આવે છે, અને તેની અંદરથી ધર્મશાળામાં નળ લાવેલા છે કે જેથી યાત્રાળુઓને પાણી લેવા જવાની બીલકુલ મુશ્કેલી પડે નહીં. આ કુવાવાળો બગીચો બંધાવવામાં સુરતવાળા ઝવેરી ધર્મચંદ ફતેચંદના સુપુત્રોએ મોટો ખર્ચ કરેલો છે. તેને પરિણામે ત્યાં એટલા બધા પુષ્પો થાય છે કે ભરૂચ વિગેરે નજીકના ગામોમાં ત્યાંથી કંડીઆઓ ભરી ભરીને મોકલવામાં આવે છે. આ પણ જિનભક્તિનું અનુકરણીય ચિન્હ છે.

અહીં જિનચૈત્યની અંદર જિનબિંબ માત્ર ત્રણજ પધરાવવામાં આવ્યા છે. વિશેષ પરિવાર રાખવામાં આવ્યો નથી. રંગમંડપની અંદર એક ગોખલામાં મૂળનાયકજીની સાથે નીકળેલા ચક્રેશ્વરી દેવી પધરાવ્યા છે. તેની નીચે એવો લેખ છે કે-- સં. ??૨૦૦ માઘ શુ ૫ શ્રીપૃથ્વીપાલેન કારિતા. આ સંવત કોનો અને પૃથ્વીપાળ રાજા કયારે થયા? તે જાણવામાં આવ્યું નથી. શોધક બંધુઓએ તે સંબંધી વધારે શોધ કરવાની જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ તીર્થ ભોયણી વિગેરે તીર્થોની પંક્તિમાં મુકવા લાયક અને બહુ પ્રતાપી છે. અવશ્ય યાત્રા કરવા લાયક છે. યાત્રામાં બહુજ આનંદ આવે તેમ છે. હવા પાણી એટલા બધા સારા છે કે સરોગી હોય તે નિરોગી થાય અને નિરોગી હોય તે તંદુરસ્ત થઇ જાય તેમ છે. આ તીર્થનો વહીવટ શ્રી અંગારેશ્વરવાળા શેઠ દીપચંદ કમળચંદ તથા અંકલેશ્વરનિવાસી શેઠ માણેકચંદ વમળચંદ કરે છે. ચૈત્ય અને ધર્મશાળા વિગેરે બંધાવવામાં તેમણેજ અસાધારણ પ્રયાસ કરેલો છે. આ તીર્થની સંભાળમાં તેઓએ તન મન ને ધનથી ભાગ લીધેલો છે. એવા ઉત્સાહી જૈનબંધુઓ બહુ ઓછા દૃષ્ટિએ પડે છે. સુખી સ્થિતિવાળા જૈનબંધુઓએ તેનું અનુકરણ કરવા યોગ્યછે.

અહીં ખાસ આવશ્યકતા દેરાસર ફરતું કંપાઉન્ડ કરાવી લેવાની છે. તે સંબંધી તેના વહીવટ કર્તાઓને તાત્કાળિક સૂચના આપવામાં આવી છે. તદુપરાંત એક સારો ગવૈયો જિનભક્તિ માટે રાખવાની તેમજ બીજી કેટલીક પરચુરણ સૂચનાઓ કરવામાં આવી છે, આશા છે કે તેઓ અવશ્ય તે પર ધ્યાન આપશે.

## ભરૂચ

આ શહેર ઘણું પ્રાચીન છે. શ્રીપાળ મહારાજા અહીંથીજ પ્રવહણમાં બેઠેલા છે. શ્રીમુનિસુવ્રતસ્વામીની વિહાર ભૂમિ છે. અશ્વાવબોધ તીર્થવાળું સ્થળ છે. અહીં જિનમંદિરો સારી સંખ્યામાં અને સારી સ્થિતિમાં છે. દર્શન કરવા યોગ્ય છે. શ્રી મુનિસુવ્રત સ્વામીના પ્રાચીન બિંબવાળું મુખ્ય દેરાસર ઘણું સુંદર છે. અહીં અધિષ્ટાયકની પણ જાગૃતિ કહેવામાં આવે છે. પાસે નર્મદા નદી વહે છે. તેની અધિષ્ટાયિકા નર્મદા દેવીએ પણ ઘણી વખત પ્રભુના સમવસરણ અહીં થયેલા ત્યારે તેમની દેશના સાંભળેલી છે. તે સમકિત દૃષ્ટિ હોવાનું કહેવામાં આવે છે.

## ડભોઇ

આ પણ જુનું શહેર છે. ભરૂચથી વડોદરે જતાં મીયાંગામ સ્ટેશનથી એક જુદો ફાંટો નીકળેલ છે, તેમાં આ સ્ટેશન છે. અહીંથી પરભાર્યું પણ વડોદરે રેલરસ્તે જવાય છે. ડભોઇની અંદર આઠ જિનમંદિરો છે. આ શહેર શ્રી યશોવિજયજી ઉપાધ્યાયની નિર્વાણભૂમિ હોવાથી વિશેષ પ્રસિદ્ધ છે. એ મહા વિદ્વાન મહાત્માના સંસ્કારને સ્થાનકે તેમની પાદુકા તેજ વખતે સ્થાપવામાં આવેલ છે. તેની ઉપર સં ૧૭૪૫ मार्गशिर्ष शुक्ल ११ श्री यशोविजय गणिनां पादुका એવો લેખ છે. આ સ્થળ હાલમાં ચોતરો બાંધીને સુંદર બનાવવામાં આવ્યું છે. ઉપર સુશોભિત છપ્પર પણ થવાનું છે. જગ્યા બહુજ રમણિક અને પ્રભાવશાળી છે. ત્યાં એકલા બેસીને એ ગુરૂ મહારાજનું સ્મરણ કરવા યોગ્ય છે. કવચિત કવચિત્ મુનિ વેષે દર્શન આપ્યાનું પણ કહેવામાં આવે છે. અહીં लोढण पार्श्वनाथના ઘણા પ્રાચીન બિંબ એક ચૈત્યના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભોંયરામાં છે. તે બિંબ વેળુમય છે. અર્ધપદ્માસન આકારવાળા છે. તે બિંબને હાલમાં લેપ કરાવવામાં આવેલ છે. લેપ સારો થયો છે. બિંબ શ્યામ છે અને ફળોધી પાર્શ્વનાથ, મગક્ષી પાર્શ્વનાથ, અવંતિપાર્શ્વનાથ અને અંતરિક્ષપાર્શ્વનાથની જેવડાજ કદના જણાય છે. ખાસ દર્શન કરવા લાયક છે.

## વડોદરા–પાદરા–છાણી.

વડોદરા ગાયકવાડની રાજધાનીનું મુખ્ય શહેર છે. તેની અંદર પણ છુટા છુટા જિનમંદિરો સારી સંખ્યામાં છે. પાદરા ને છાણી તેની નજીકના ગામો છે. ત્યાંના જિનચૈત્યો પણ દર્શન કરવા લાયક છે. અહીં ને છાણીમાં એક હકીકત નવીન દૃષ્ટિએ પડે છે તે એ છે કે હાલમાં ત્યાં જ્ઞાનમંદિર બંધાવવામાં આવેલા છે તેની અંદર સંઘની માલેકીના અને મુનિરાજના સંગ્રહ કરેલા પુસ્તકો બહુ સારી ગોઠવણુથી રાખવામાં આવનારા છે. આવા ફાયરપ્રુફ એટલે અગ્નિના ભય વિનાના જ્ઞાનમંદિરો દરેક મોટા શહેરમાં જ્યાં જ્યાં લખેલા પુસ્તકોનો સારો સંગ્રહ હોય ત્યાં ત્યાં હોવાની જરૂર છે. એવા સાધનોના અભાવે અમદાવાદમાં એક ગૃહસ્થના ઘરમાં રહેલા સુમારે ૧૦૦ ડાબડાઓ એક બે વર્ષ અગાઉજ અગ્નિ શરણ થઇ ગયા છે. ભાવનગરના સંઘનો ભંડાર પણ એજ ભયમાં આવેલો બચી ગયો છે. અને ત્યાર પછી ત્યાં પણ ફાયરપ્રુફ મકાનમાં રાખવામાં આવેલ છે. હાલમાં ઘણા મુનિમહારાજા બહુ પ્રયાસ કરી સારો સંગ્રહ કરે છે તેને માટે આવા સાધનની જરૂર છે. અગાઉના વખતમાં અગ્નિના ભય કરતાં વધારે ભય મુસલમાન રાજસત્તાનો તેમજ અન્ય ધર્મદ્વેષીઓનો હતો. તેથી તે વખતમાં અજ્ઞાત સ્થળે પુસ્તકો રાખવામાં આવતા હતા. હાલમાં એવા સ્થળો વિદ્યમાન છે પરંતુ અત્યારે સરકારી રાજ્યમાં એ પ્રકારનો ભય ન હોવાથી અગ્નિના ભયથી રક્ષણ કરવાની ખાસ આવશ્યકતા છે. ઉપર જણાવેલા બે જ્ઞાનમંદિરો પૈકી વડોદરાનું જ્ઞાનમંદિર મોટા ખરચે અને સારી ગોઠવણુથી બાંધવામાં આવ્યું છે. પરંતુ તે વસ્તીના મધ્યમાં અને અન્ય મકાનોના સંબંધમાં આવેલું છે. અને તેનો મોટો ભાગ પથ્થરથી બાંધવામાં આવેલ છે. તે કરતાં વધારે પસંદ કરવા લાયક છાણીમાં બંધાતું જ્ઞાનમંદિર છે. તે ખાસ ઇંટ ચુનાથી બાંધવામાં આવેલ છે. તેની ચોતરફ છુટી જમીન રાખી છે અને ફરતો કબજો થવાનો છે.

## કપડવંજ

આ શહેર એક બાજુપર આવેલું છે. હાલ તો આનંદ સ્ટેશનથી ટ્રેન બદલી ગોધરા જતી ટ્રેનમાં બેસી ડાકોર સ્ટેશને ઉતરીને ટપ્પામાં ૨૧ માઇલ જવું પડે છે. પરંતુ થોડા વખતમાં ત્યાં ટ્રેન થવાની છે. નડીયાદ સ્ટેશનથી પાકી સડક બંધાઇ ગઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ શહેરમાં શ્રાવક ભાઈઓ બહુ સારી સ્થિતિમાં છે. અહીં ૯ જિનચૈત્યો દર્શન કરવા લાયક છે. તેમાં પણ ચાર મોટા ચૈત્યો ઘણા સુંદર છે. શ્રી વિજયલક્ષ્મી સુરિના વધારે નિવાસ વાળું આ સ્થળ છે. પરંતુ તેની ખાસ યાદગિરી કાંઈ અહીં જોવામાં આવતી નથી. અહીં કેટલાક ચારિત્રહીન વેશધારીને માનનારા અને તેનાથી વ્યુદ્ગ્રાહિત ચિત્તવાળા થયેલા શ્રાવક ભાઈઓ છે. તેમના દુરાગ્રહથી સંઘમાં ઐકયતા દેખાતી નથી. આ બાબતમાં ભાગ્યશાળી ગૃહસ્થે પ્રયાસ કરીને ઐકયતા કરાવવાની જરૂર છે. અહીં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીના ચૈત્યની પ્રતિષ્ટા શ્રી વિજયલક્ષ્મી સુરિ શ્રી ઉપદેશપ્રાસાદ ગ્રંથના કર્ત્તાએ કરાવેલી છે. તે પ્રતિષ્ટા ઘણા શુભ મુહૂર્ત્તમાં થયેલી હોવાથી તેજ વખતે તેઓ સાહેબે કહેલું કે તમે જૈનબંધુઓ ઋદ્ધિ સિદ્ધિથી ભરપુર થશો પરંતુ ગમે તેવું સારૂં ચૈત્ય બંધાવવા શકિતવાન થાઓ તોપણ આ દેરાસરનું ચોગઠું ફેરવશો નહીં. આ વચન બરાબર ફળિભૂત થયું છે અને શ્રાવક ભાઈઓએ તેમની આજ્ઞા પણ પાળેલી છે.

## ખંભાત.

આ ઘણું પ્રાચીન શહેર છે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની વિહારભૂમિ અને નિવાસભૂમિ છે. અહીં તેઓ સાહેબનો કરાવેલો ભંડાર પણ છે. અહીં જિનચૈત્ય મોટી સંખ્યામાં છે. શહેરનો કેટલોક ભાગ જૈનભાઈઓની વસ્તી વિનાનો થઈજવાથી ત્યાં રહેલા ચૈત્યો સમેટીને એકઠા કરી લેવાની જરૂર છે. આ વિચારનો અમલ શેઠ પોપટભાઈ અમરચંદે કેટલેક દરજ્જે કર્યો છે. તેમના પ્રયાસથી અને સતત કરેલી જાતમહેનતથી એક મહાન જિનચૈત્ય બંધાણું છે. તેની અંદર ઘણા જિનચૈત્યો સમેટીને સમાવવામાં આવ્યા છે. ત્રણે માળમાં થઈને ૧૯ ગર્ભગૃહ કરવામાં આવ્યા છે. આવું મહાન જિનમંદિર કોઈ પણ જગ્યાએ જોવામાં આવ્યું નથી. ખર્ચ પણ પુષ્કળ થયો છે. હજુ કામ શરૂ છે. દ્રવ્યવાન જૈનબંધુઓને દ્રવ્યની સફળતા કરવાનું આ પરમ સાધન છે. આ શહેર એક તીર્થસ્થળ જેવું છે. અહીં શ્રી સ્થંભનપાર્શ્વનાથજી બીરાજે છે. જે મૂર્ત્તિના સેવનથી શ્રી અભયદેવસુરિ મહારાજનો વ્યાધિ નિર્મૂળ થયો હતો અને જેમણે ત્યાર પછી નવ અંગની વૃત્તિ કરી હતી. આ મુર્ત્તિ બહુ મોટી નથી પરંતુ મહા પ્રતાપી છે. કેટલાક તેને બહુ કિંમતી પણ કહે છે. ખાસ દર્શન કરવા યોગ્ય છે. ખંભાત જવા માટે આનંદ સ્ટેશનથી ખાસ ટ્રેન ત્યાં સુધીનીજ મળે છે અને તે દરરોજ ત્રણ વખત આવે છે ને જાય છે.

## ખેડા—માતર.

આનંદ ને અમદાવાદની વચ્ચે મહેમદાવાદ સ્ટેશન છે. ત્યાંથી આ બંને શહેરની યાત્રા કરવા માટે જવાય છે. મહેમદાવાદથી ખેડા માત્ર છ માઇલ દૂર છે.ખેડાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અંદરના દેવાલયો પૈકી મોટું દેવાલય ખાસ ધ્યાનપૂર્વક દર્શન કરવા યોગ્ય છે. તેની અંદર જુદી જુદી ઘણી ગોઠવણો કરવામાં આવી છે. ઘણા તીર્થોના દેખાવ આપ્યો છે. કાષ્ઠાદિકની કારીગરી પણ બહુ પ્રશંસાપાત્ર છે અને તે જીર્ણોદ્ધાર થતાં જાળવી રાખવામાં આવેલ છે, હાલમાં પણ રંગ રીપેર વિગેરે કામ ચાલે છે. આ જિન-મંદિરને સુશોભિત કરવામાં અને સમરાવવામાં શેઠ ભાઇલાલ અમૃતલાલે સારો પ્રયાસ લીધેલો છે અને લે છે.

માતર અહીંથી સુમારે બે ત્રણ માઇલ થાય છે. ત્યાં એક મોટું જિનમંદિર છે. સામે ધર્મશાળા છે. દેરાસરજીમાં મૂળનાયકજી શ્રી સુમતિનાથજી બીરાજે છે. પરંતુ તે સાચાદેવના નામથી ઓળખાય છે. કાઠીઆવાડની અંદર પાલીતાણા નજીક આવેલા તળાજા શહેર પાસેના તાળધ્વજ પર્વત ઉપર પણ જે બિંબ પધરાવેલા છે તે સાચાદેવના નામથી ઓળખાય છે. આ ઉપનામ તેમના પ્રતાપીપણાની અને અધિષ્ઠાયક જાગૃત હોવાની નિશાની છે. કેટલાક વર્ષ અગાઉ આ તીર્થે પણ હાલમાં જેમ ભોયણી પાનસર જાય છે તેમ પુષ્કળ જૈનભાઇઓ યાત્રાર્થે જતા હતા. હજુ પણ અમદાવાદથી દર વર્ષ ત્યાં સંઘ આવે છે. આ તીર્થે દર્શન પૂજા કરતાં પરમ આલ્હાદ થાય છે ભોયણી ને પાનસરની જેમ ઉપરીઆલા કે જે માંડલની નજીકમાં આવેલ છે ત્યાં, જઘડીએ અને અહીંઆ ખાસ યાત્રાર્થે આવવા યોગ્ય છે. તે પ્રસંગે શંખેશ્વર પાર્શ્વનાથજીના સર્વથી પ્રાચીન તીર્થને તો ભૂલવાનુંજ નથી. ત્યાં જવાની હાલમાં સગવડ પણ વધી છે. મેસાણાથી પાટણ તરફ જતી રેલવેમાંથી એક ફાંટો કાઢવામાં આવ્યો છે, તેમાં હારીજ નામનું સ્ટેશન છે, ત્યાંથી શંખેશ્વર માત્ર ૭ ગાઉ દૂર રહે છે. જવા આવવાની સગવડ સારી છે.

આ વખતના યાત્રા પ્રસંગમાં જે જે શહેરો અને તીર્થસ્થળોની યાત્રાનો લાભ લેવામાં આવ્યો તેનું ખાસ આવશ્યકતાવાળું દિગ્દર્શન ઉપર કરાવવામાં આવ્યું છે. તેની અંદર જરૂરની પ્રાસંગિક સૂચનાઓ પણ કરવામાં આવી છે. આ લેખ વાંચીને તેમાં સંબંધ ધરાવનારાઓએ ધ્યાન આપવાની આવશ્યકતા છે. લેખની સાફલ્યતા બે પ્રકારે માનવામાં આવી છે. એક તો વાંચનાર બંધુઓ પૈકી કેટલાક તે તે સ્થળોની યાત્રાનો લાભ લેવાના ઇચ્છક થાય અને લાગતાવળગતાઓ તેમાં કરેલી સૂચનાઓપર ધ્યાન આપે. જો એ પ્રમાણે થશે તો લેખકનો પ્રયાસ સફળ થશે. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चंद्रराजाना रास उपरथी नीकळतो सार.

અનુસંધાન પૃષ્ટ ૩૩૯ થી

## પ્રકરણ ૬ ઠું.

નગરના લોક સર્વને નિદ્રાધીન કરી દીધા પછી સાસુ વહુ જવાને તૈયાર થયા. સાસુએ ચંદરાજાની વાડીમાં જે પડેલો સહકાર છે તેની ઉપર ચડીને જવાનો વિચાર વહુને જણાવ્યો. તે ચંદરાજાએ સાંભળ્યો. વીરમતિએ તદુપરાંત કહ્યું કે "હે વહુ! તારા મનમાં એમ છે કે વિમળાપુરી ૧૮૦૦ યોજન દૂર છે ત્યાં કેમ પહોંચાશે પણ હું તને આંખ વીંચીને ઉઘાડે એટલા વખતમાં ત્યાં પહોંચાડી દઇશ." ચંદરાજાએ વિચાર્યું કે 'આપણે પણ સાથે જવું અને જોવું કે તે બંને ત્યાં જઇને શું કરે છે?' એટલા ઉપરથી તે ઉતાવળો પોતાની વાડી તરફ ચાલ્યો અને ત્યાં પ્રથમજ સહકારનું વૃક્ષ હતું તેના કોટરમાં ખડ્ગ સહીત પેઠો. પછી તે વિચારવા લાગ્યો કે 'મારી રાણીમાં તો લેશ માત્ર અવગુણ જણાતો નથી પણ જેમ મોટા ડુંગર પણ ફેરવ્યા ફરે છે તેમ મારી માતાએ તેને ફેરવી નાખી છે. હવે જોઇએ છીએ કે તેઓની ધારણા શી છે?' આમ તે વિચારે છે તેવામાં તો વિરમતિ ને ગુણાવળી ત્યાં આવ્યા. ચંદરાજા ચિંતામાં પડ્યા કે 'જો તે બીજા ઝાડપર ચડશે તો આપણે પડ્યા રહેશું.' તેટલામાં તો તેઓ બંને બરાબર તેજ આંબા પાસે આવીને તેનાપર ચઢી બેઇ. ચંદરાજા કોટરમાં બરાબર સંતાયેલ હોવાથી તેની તેઓને ખબર પડી નહિ. પછી વિરમતિએ વૃક્ષ ઉપર કંબાનો પ્રહાર દઇને કહ્યું કે. 'હે આમ્ર! તું અમને વિમળાપુરી દેખાડ' એટલે તરતજ આંબો વિમાનની જેમ આકાશમાર્ગે ચાલ્યો.

જેમ કેવળજ્ઞાનાવરણીએ જીવનું કેવળજ્ઞાન આવરેલું છે, તે રીતે કોટરના આવરણથી ચંદરાજા અવરાયેલ છે. તો પણ મતિશ્રુતાદિ જ્ઞાનાવરણીના ક્ષયોપશમથી જેમ જીવને ઓછો વધતો બોધ થાય છે તેમ રાજા પણ તેમાંથી બહારનો ભાગ કેટલોક દેખી શકે છે. આંબો પણ મન કરતાં ઉતાવળી ગતિએ ચાલ્યો જાય છે. રાજા અનેક પ્રદેશ વન ઉપવન વગેરે જુએ છે. આકાશમાં ચંદ્રમાની જ્યોત વિસ્તરેલી હોવાથી જેમ ક્ષીરસમુદ્રમાં નાવા ચાલતી દેખાય તેમ ચાંદનીના પ્રકાશ વચ્ચે એ વૃક્ષ દોડતું દેખાય છે. વિરમતિ ગુણાવળીને આંગળીવડે દેખાડતી જાય છે કે "હે વહુ! જુઓ આ નવરંગી ગંગા નદી છે તે પ્રાણીના પાપમળને ધોઇ નાખનારી કહેવાય છે. આ કાળા જળ વાળી કાલિંદી (યમુના) છે,તે ધરણી રૂપી સ્ત્રીના ધમ્મિલ જેવી દેખાયછે." એ પ્રમાણે અનેક ગામ, નગર, દેશ, પર્વત, નદીઓ, વન, દ્રહ, વાવો, ઉપવનો વિગેરે દેખાડતી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગળ ચાલતાં અષ્ટાપદ પર્વત દેખાડીને વીરમતિ બોલી કે-" જો, આ અષ્ટાપદ પર્વત ઉપર ભરતે કરાવેલ કંચન ને મણિમય જિનચૈત્ય છે. તેમાં પૂર્વ દિશા તરફ ઋષભદેવ ને અજિતનાથની મૂર્ત્તિ છે, દક્ષિણ દિશાએ સંભવનાથ વિગેરે ચાર પ્રભુની મૂર્ત્તિ છે, પશ્ચિમ દિશાએ સુપાર્શ્વનાથ વિગેરે આઠ પ્રભુની મૂર્ત્તિઓ છે અને ઉત્તર દિશાએ ધર્મનાથ વિગેરે દશ પ્રભુની મૂર્ત્તિઓ છે. અહીં આવીને રાવણ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરશે. આ પર્વત ફરતી ગંગા નદી વલયના આકારે રહેલી છે." આગળ ચાલતાં છેટેથી **સમેતશિખર**ગિરિ બતાવીને કહ્યું કે-" હે વહુ ! તમે આ તીર્થને વંદના કરો. આ તીર્થે પહેલા, બારમા, બાવીશમા ને ચોવીશમા શિવાયના વીશ પ્રભુ મોક્ષે જવાના છે. તેમાં હાલ સુધી ૧૭ પ્રભુ મોક્ષે ગયા છે અને વીશમા, એકવીશમા ને ત્રેવીશમા એ ત્રણ પ્રભુ મોક્ષે જવાના છે. જુઓ, આ **વૈભારગિરિ**, આ **અર્બુદાચળ** અને આ **સિદ્ધાચળ**. આ સિદ્ધાચળ તીર્થ સર્વથી મોટું છે, તેને નજરે જોવાથી પણ પાપ માત્ર નાશ પામી જાય છે.અહીં ભગવંત ઋષભદેવ પૂર્વ નવાણુ વખત સમવસર્યા છે. અહીં અનંતા મુનિઓ સિદ્ધિપદને પામ્યા છે ને અનંતા કેવળજ્ઞાન પામ્યા છે. આ તીર્થે પહેલો ઉદ્ધાર ભરતચક્રીએ કર્યો, બીજો દંડવીર્ય રાજાએ કર્યો, ત્રીજો ઇશાનેંદ્રે કર્યો, ચોથો માહેંદ્રે કર્યો, પાંચમો બ્રહ્મેંદ્રે કર્યો, છઠ્ઠો ભુવનપતિના ઇંદ્રે કર્યો,સાતમો સગર ચક્રીએ કર્યો, આઠમો વ્યંતરેંદ્રે કર્યો, નવમો ચંદ્રયશાએ કર્યો, દશમો ચક્રાયુધે કર્યો. આ પ્રમાણે દશ મોટા ઉદ્ધાર થયા છે. અને આગળ રામચંદ્રાદિ ઉદ્ધાર કરવાના છે. આ મહાન તીર્થને તું ત્રીવિધે ત્રીવિધે વંદના કર. કારણકે આ તીર્થ ભવસમુદ્રમાં પ્રવહણ સમાન છે. આગળ ચાલતાં **ગીરનાર** તીર્થ બતાવીને કહ્યું કે " હે વહુ ! તું જો, આ ગીરનાર પર્વત છે. અહીં રાજુલના ભર્તાર **શ્રી નેમિનાથ** સ્વામી મુક્તિવધુને પરણશે, આ તીર્થ પણ સિદ્ધાચળની સરણુંજ છે. તેની પાંચમી ટુંકજ કહેવાય છે. અહીં હાથીનો પગ ખુંચી ગયાને ઠેકાણે ગજપદકુંડ છે." આ પ્રમાણે નવા નવા તીર્થો બતાવતાં આગળ ચાલ્યા

આગળ ચાતાં વીરમતિએ કહ્યું કે " હે વહુ ! જુઓ આ જંબુ દ્વીપની ફરતો વલયાકારે લવણ સમુદ્ર છે. તે બે લાખ યોજન પહોળો છે. તેના કિનારાથી તે ઉંડો વધતો વધતો છે. તેમ પાણી પણ ઉંચુ ઉંચુ છે. છેવટે મધ્યના દશ હજાર યોજનમાં તે એક હજાર યોજન ઉંડો છે અને તે ઠેકાણે જળની શિખા ઉંચી સોળ હજાર યોજન છે. તેના ઉપર બે કોસ વેળ વધે છે. એ લવણ સમુદ્રનાં મધ્ય ભાગમાં ચાર દિશાએ ચાર પાતાળકળશા છે. તેનું મુખ દશ હજાર યોજન પહોળું છે, તેની ઠીંકરી એક હજાર યોજન જાડી છે અને તે કળશા ઉંડા એક લાખ યોજન છે. તેમાંથી ઘનવાત ને તનુવાત ઉછળે છે, તેને લીધે પાણીની શિખા ઉંચી ચડે છે. તેનું નિવારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા માટે સંખ્યાબંધ દેવતાઓ હાથમાં ચાટવા લઈને કાયમ ઉભાજ રહે છે. આ બધા સાશ્વતા ભાવ છે. ”

આ પ્રમાણે વાતો કરે છે તેવામાં તેઓ વિમળાપુરીની નજીકમાં આવી પહોંચ્યા એટલે ઘણા મનોહર ઉપવનો, સુંદર જળાશયો અને નગરીમાં રહેલા સુશોભિત મકાનો તેમના જોવામાં આવ્યા. દરેક મકાનમાં દીપકની શ્રેણીઓ કરેલી હોવાથી સર્વત્ર ઝાકઝમાળ થઇ રહેલ હતું. તે જોઇને ગુણાવળીએ પુછયું કે—“ સાસુજી ! આ કઇ નગરી છે ? ” સાસુ બોલ્યા કે–“ વહુ ! એજ વિમળાપુરી છે. ” એવામાં સહકાર આકાશમાંથી નીચે ઉતર્યો અને નગરીના બહારના એક ઉપવનમાં સ્થિર થયો. એટલે સાસુ વહુ બને તેના પરથી નીચે ઉતર્યા અને નગરી તરફ ચાલ્યા. રાજા પણ તેના કોટરમાંથી નીકળીને તેઓ ન જાણે તેમ તેની પાછળ પાછળ ચાલ્યો. વિમાતાની આવી અપુર્વ વિદ્યા જોઇ પણ તે કાંઇ ડર્યો નહિ. શૂરવીર પુરૂષો નિડરજ હોય છે. હવે સાસુ વહુ તો આનંદથી તાળી દેતા આગળ ચાલ્યા, એમ કરતાં કરતાં નગરીના દરવાજા પાસે તેઓ આવ્યા. નગરીમાં પ્રવેશ કર્યો. ચંદરાજા પણ ત્યાં સુધી તો તેની પાછળ પાછળ આવ્યો. વીરમતિએ વહુનો હાથ ઝાલીને તેને આખા શહેરમાં ફેરવીને બધું દેખાડયું. પછી ફરતી ફરતી લગ્નમંડપમાં જયાં ગાનતાન થઇ રહ્યા હતા ત્યાં તે બંને આવી અને આનંદથી બધું જોવા લાગી. પછી વરનો વરઘોડો હમણાંજ આવશે એમ ધારી ત્યાં યોગ્ય સ્થળે તે બેઠી.

હવે ચંદરાજાએ જેવો શહેરમાં પ્રવેશ કર્યો કે તરતજ કોઇ સેવકોએ તેને પ્રણામ કર્યો. પહેલીજ પોળ પાસે આવતાં ત્યાં ઉભા રહેલા તે સેવકો બોલ્યા કે–“હે ચંદનરેંદ્ર ! તમારો જય થાઓ. તમે ગુણસમૂહના કરંડીઆ જેવા છો. તમે આજે અમારા પર ખરેખરી કરૂણા કરી છે અને અમારો ઉચાટ મટાડયો છે. અમે બીજના ચંદ્રની જેવી આપની રાહ જોતા હતા. તો હવે આપ સિંહલપુરના સ્વામી પાસે પધારો અને તેની સભાને પવિત્ર કરો. ”

સેવક પુરૂષોના આવા શબ્દો સાંભળીને ચંદરાજા વિચારમાં પડયો કે–‘ આ શું ? જેમ પારકું ચિત્ત જાણે તેમ આમણે મને ચંદ તરીકે શી રીતે જાણયો ? પણ અહિ એક સરખા નામથી કાંઇ ભૂલ થતી હશે. એઓ કોઇ બીજા ચંદની રાહ જોતા હશે.’ આમ વિચારીને આભાપતિ બોલ્યો કે–“ અરે પ્રતિહાર ! ચંદરાજા કોણ છે ? ચંદ્ર તો આ આકાશમાં ઉગેલો છે તે છે, વળી બીજો ચંદ કયાં છે ? માટે મને જવાદે, હઠ કરીને રોકી નહીં રાખ. ” પોળીઓ હાથ જોડીને બોલ્યો કે–“ અહો ચંદરાજેંદ્ર ! તમે કયાં પોતાને છુપાવો છો ? એમ કાંઇ રત્ન ઢાંકયું રહેવાનું છે ? ઝળહળતો સૂર્ય ઉગે તે છાબડે ઢાંકયો રહે ? કસ્તુરીની ગંધ છાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શી રીતે રહી શકે? અમે તમને સાચે સાચા ચંદરાજા તરીકે ઓળખ્યા છે. અમારી ભૂલ થતી નથી." આમ કહીને તેણે ચંદરાજાનો હાથ ઝાલ્યો. ચંદરાજા કહે કે–" અરે! પણ તું વળગે છે કોને? છેટો રહીને વાત કર. તું કઇ રાતનો ભૂલો પડ્યો છું? મને તો તું અગાસે સુતો જણાય છે કે જેથી તને ભ્રમ થયો છે. માટે અરે શઠ! આવો ખોટો હઠ શામાટે કરે છે? એક સરખું મુખ જોઇને તું ભૂલો પડ્યો જણાય છે. પણ ચંદ જેવા મુખવાળા તો પૃથ્વી પર અનેક માણસો હશે. વળી તું જાણતો નથી કે પોતાના નામને કોણ ઓળવે? અને લેવા દેવા વિના જુઠું કોણ બોલે? બાકી જો આ દરવાજે તારી કાંઇ લાગત હોય તો કહી દે એટલે આપી દઉં, એમ દેવાથી કોણ દુબળું થઇ જાય છે? હું કાંઇ તારો લાગો હોય તો ભાંગવા ઇચ્છતો નથી. માટે મને આડો ફરીને શામાટે રોકે છે? તારૂં લેવાનું હોય તે લઇ લે ને મને જવા દે. મારી માતા મારી વાટ જોતી હશે. કારણકે મને વનમાં બહુ વાર લાગી ગઇ છે."

પ્રતિહાર બોલ્યો કે–" સ્વામી! તમારૂં ગામ તો અહીંથી અઢારસો કોસ દૂર છે. અહીં તમારી કઇ માતા વાટ જોવાની છે? માટે એમ ભોળવામણી કરવી મુકી દ્યો અને મારી ઉપર કોપાયમાન ન થાઓ. વળી તમારી જેવા મોટા જો જુઠું બોલશે તો આ પૃથ્વી ભાર કેમ ઉપાડી શકશે? અને જગતમાં વરસાદ પણ કેમ વરસશે? અમે તમારી જેવા રાજાઓનીજ સેવા કરનારા છીએ તેથી અમે બધી તમારી ગત જાણીએ છીએ. અમારા સ્વામીને તમારી સાથે અતિ અગત્યનું કામ છે. તેથી હે ગરીબનિવાજ ચંદરાજા! અમારી વિનતિ માનો ને અમારી સાથે ચાલો." ચંદરાજાએ વિચાર્યું કે 'માતાજી આગળ ચાલ્યા જાય છે, તે જો મારૂં નામ સાંભળશે તો લેણાનું દેવું થશે, માટે અહીં ઝગડો કરવાનું કામ નથી. મુંગે-મોઢે ચાલ્યા જવુંજ સારૂં છે.' આમ વિચારીને ચંદરાજા તેની સાથે ચાલ્યા.

આગળ ચાલતાં પગલે પગલે સેવક પુરૂષો ને બીજા લોકો તેમને પ્રણામ કરવા લાગ્યા. અનુક્રમે પ્રતિહારની સાથે ચંદરાજાએ બીજી પોળમાં પ્રવેશ કર્યો. એટલે ત્યાંના રક્ષક પુરૂષો પણ નમસ્કાર કરીને બોલ્યા કે–' હે ચંદરાજા! પધારો, અમારા સ્વામી તમારી રાહજ જોઇ રહ્યા છે. જેમ ચક્રરત્ન પ્રગટ થયે ચક્રવર્તીની ધારણા સફળ થાય છે, ને નવનિધિ પ્રગટે છે તેમ તમારા આવવાથી અમારા સ્વામીની કાર્યસિદ્ધિ થશે." ચંદરાજાએ તે સેવકોને કહ્યું કે–" અરે! મને જોઇને તમે ચંદના ભ્રમથી કેમ ભૂલોછો. ધતુરો ખાનાર માણસ જેમ બધે સોનું સોનું દેખે ને તે લેવા દોડે તેમ તમે કરો છો. તમે બધા એક નિશાળે ભણ્યા જણાઓ છો અને જેની પાસે તમારી જેવા સેવકો છે તે રાજા પણ ભલો જણાય છે. તમારા રાજાની સાથે મારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શી પીછાન છે કે મારા આવવાથી તેનું કાર્ય સિદ્ધ થશે? આ તો વળી ત્રીજું તાન જણાય છે. તમે બધા ધુર્ત્ત જણાઓ છો. આવો અવિવેક તમે કયાંથી શીખ્યા છો ? મને તો એમ લાગે છે કે તમે આમ ચંદ ચંદ કહીને ઘણાને ધુત્યા હશે !"

પોળરક્ષકો બોલ્યા કે–" અમે સિંહલરાજાના સેવકો છીએ. અમને એક સંકેત સમજાવીને પોળે પોળે બેસાડેલા છે.તે સંકેતથી અમે જાણીએ છીએ કે તમે ચંદરાજા છો. તેથી અમે તમને ચંદરાજા કહીને બોલાવીએ છીએ. માટે તમે પણ સાચું બોલો, તમારૂં ખોટું બોલવું અહીં ચાલી શકે તેમ નથી." ચંદરાજા કહે કે, "તમને શું સંકેત બતાવવામાં આવ્યો છે તે કહો." અનુચરો કહે કે–" અમને સિંહલરાજાએ અંતર છોડીને કહ્યું છે કે–તમે પૂર્વના દરવાજે જઈને બેસો, ત્યાં પહોર રાત ગયા પછી બે સ્ત્રીની પાછળ જે એક પુરૂષ આવે તેને તમે ચંદરાજા કહીને નમસ્કાર કરજો અને આદર સત્કાર પૂર્વક મારી પાસે તુરત લઈ આવજો. આ પ્રમાણેના સંકેતથી અમે પોળે પોળે બેઠા છીએ. તેમના કહેવા પ્રમાણેજ પહોર રાત પછી બે સ્ત્રીની પાછળ તમને આવતા દીઠા એટલે અમે જાણ્યું કે તમે ચંદરાજા-જ છો. માટે હવે તમે અમારા રાજા પાસે ચાલો. ત્યાં આવ્યા શિવાય તમારો છુટકો નથી. તમારૂં શું કામ છે તે તેઓ તમને કહેશે. અમે લાખ વચન કહીએ પણ મોટા માણસ વશમાં ન આવે. હાથી કાંઇ કાને ઝાલ્યા આવે નહીં, પણ અમારી ઉપર કૃપા કરીને એક વાર તમે અમારા રાજા પાસે પધારો પછી તમને ગમે તેમ કરજો." આ પ્રમાણેના તેમના મીઠા વચનો સાંભળીને ચંદરાજા વિચારવા લાગ્યા કે–" જો અહીં મારી સાથે મારા નોકરો હોય તો તે આનું નિવારણ કરે પણ તે વિના આને કોણ રોકે? વળી મારે એક તો માતાનો ભય છે તેમાં આ સિંહલ રાજાનો ભય વધ્યો. હું એકલો છું ને આ શહેર પારકું છે. વળી આ માણસો કાંઇ સમજાવ્યા સમજે તેમ નથી. તો હવે વધારે કચપચ કરવામાં માલ પણ નથી. હવે તો જેની સાથે કામ છે તેની પાસેજ જઇને વહેલો નિકાલ કરી લેવો સારો છે; અહીં વધારે કાળક્ષેપ કરવા જેવું નથી. કેમકે અહીં કાંઇ નીવેડો થવાનો નથી." આ પ્રમાણે વિચારીને ચંદરાજા બોલ્યા કે "બહુ સારૂ ભાઇ ચાલો, તમારી સાથે આવું અને તમારા રાજાને મોઢામોઢ મળીને સમજાવું."

પછી તેઓ ત્યાંથી ચાલ્યા. માર્ગે નવા નવા રક્ષક પુરૂષો ભેળા થતા ગયા અને 'ચંદરાજાને ખમા, ચંદરાજાને ખમા' એમ બોલતા સાથે ચાલવા લાગ્યા, આમ કરતાં કરતાં તેઓ સિંહલરાજાના દરબારમાં આવી પહોંચ્યા. સેવકોએ ચંદરાજા આવ્યાના ખબર પ્રથમથી કહેવરાવ્યા એટલે ત્યાં તો આનંદ આનંદ થઇ રહ્યો. તેણે જીતના વાજીત્રો વગડાવ્યા અને ચંદરાજાને આદરપૂર્વક અંદર પ્રવેશ કરાવ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible] દેખતા ચંદરાજાને આવતા દીઠા એટલે તે સામે આવી બાથ ભીડીને મળ્યો અને બોલ્યો કે "હે ચંદરાજા ! હે વીરસેન નૃપના પુત્ર ! તમે ભલે પધાર્યા. આજે મને ઘણો આનંદ થયો. આજે હું કૃતાર્થ થયો. તમને મળવાની બહુ દિવસથી ઉત્કંઠા હતી તે આજ પૂરી થઈ. તમે જો કે શરીરથી દૂર હતા પણ મારા અંતઃકરણમાંજ વસેલા હતા. સૂર્ય દૂર છતાં પણ જેમ તે કમળને વિકસ્વર કરે છે તેમ અમે તમારા નામ ને ગુણ સાંભળવાથી રાજી રાજી થતા હતા. આજે તમને જાતે મળવાથી અમને પારાવાર હર્ષ થયો છે. અને અમારી આશા ફળિભૂત થઈ છે." આ પ્રમાણે અનેક પ્રકારના કપટ વચનો કહીને સિંહલરાજાએ તેમને પોતાના સિંહાસન પર બેસાર્યા અને પોતે બીજા આસન પર તેની સામે બેઠો.

હવે સિંહળ રાજા પોતાની મતલબની વાત ચંદરાજાને કહેશે અને ચંદરાજા તેનો યથોચિત ઉત્તર આપશે. તે બધું આપણે આગળના પ્રકરણમાં વાંચશું. અત્યારે તો વીરમતિ ને ગુણાવળી વરને જોવાની રાહ જોતી લગ્નમંડપ પાસે બેઠી છે અને ચંદરાજા સિંહળ નૃપ પાસે બેઠા છે. અહીં સુધીની હકીકતમાંથી રહસ્ય શું ગ્રહણ કરવાનું છે તે વિચારીએ. કારણકે કથાનક માત્ર તેમાંથી સાર ગ્રહણ કરવા વાસ્તેજ કહેલાં છે.

## પ્રકરણ ૬ ઠ્ઠાનો સાર.

વીરમતિ ને ગુણાવળી આંબા ઉપર ચડવા માટે આવ્યા તે વખત તેના કોટરમાં રહેલા ચંદરાજા તેને બીલકુલ દેખાયા નહીં. તેનું ખરૂં કારણ તેનો હર્ષનો આવેશ છે. આવેશમાં આવેલા માણસના નેત્ર જુદું કામ કરે છે. ક્રોધનો, માનનો, તૃષ્ણાનો, કામનો, હર્ષનો ઇત્યાદિ આવેશ એવા છે કે તેના આવેશ વખતે ઇંદ્રીઓ બરાબર કામ કરી શકતી નથી. ગુણાવળીએ પહેલાં કણેરની કાંબના ડબકારા દેવા ગઈ ત્યારે સધ્યામાં ચંદરાજા છે કે નહીં તે જાણવાની કૌતુક જોવાના આવેશમાં તજવીજ ન કરવાની પહેલી ભૂલ કરી હતી, અહીં બીજી ભૂલ થાય છે. પરંતુ આવેશવાળા માણસો ભૂલો કરે તેમાં બીલકુલ નવાઈ નથી. સુજ્ઞ મનુષ્યે કોઈ પણ જાતના આવેશમાં આવવું નહીં. કામ ક્રોધાદિ લાગણીઓ તો ઓછે વત્તે અંશે પ્રાણી માત્રમાં હોય છે પરંતુ તેની જ્યારે તીવ્રતા થાય છે ત્યારે તે આવેશ ગણાય છે. આવેશમાં આવેલ માણસો આવી ગફલતજ કરે છે એમ નહીં પણ કેટલાંક અકાર્યો પણ કરે છે. ઉપર જણાવેલ દરેક જાતિના આવેશ એવા દુષ્ટ છે કે તેના પરિણામ અવશ્ય કટુકજ આવે છે.

કોટરમાં રહેલા ચંદરાજાને કેવળજ્ઞાનાવરણે આચ્છાદિત અને ફાટ તુટીની ચંદરથી પ્રકાશ જાય તેમ મતિજ્ઞાનવરણીયાદિકના ક્ષયોપશમથી બાહ્યવસ્તુના બોધવાળા પ્રાણીની ઉપમા આપી છે. આ હકીકત કર્મગ્રંથાદિકથી સમજવા યોગ્ય છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણીના જ્ઞાનને સર્વથા તો કેવળજ્ઞાનાવરણીએ રોકેલું છે, પરંતુ જ્ઞાનાવરણી કર્મની બીજી ચાર પ્રકૃતિઓ છે, તેનો જેટલે જેટલે અંશે ક્ષયોપશમ થાય તેટલે તેટલે અંશે ગાઢ વાદળાના સમૂહથી આવરિત સૂર્યનો પ્રકાશ પણ યત્કિંચિત્ જણાય છે અને તે પણ કટકુટીની અંદરથી આછો પાતળો ભાસમાન થાય છે તેમ વસ્તુ સ્વરૂપનો અલ્પ અનલ્પ બોધ થાય છે. બાકી સર્વથા બોધ તો જ્યારે કેવળજ્ઞાનાવરણીનો ક્ષય થાય ત્યારેજ થાય છે. જે બોધ પ્રાપ્ત થયા પછી અનંત કાળ પર્યંત અવિચ્છિન્નજ રહે છે.

વૃક્ષપર બેસીને આગળ ચાલતાં વીરમતિએ ગુણાવળીને અષ્ટાપદાદિ પાંચે તીર્થો આકાશમાંથી બતાવ્યા છે અને તેનું કેટલુંક વર્ણન કર્યું છે તે ઉપરથી જણાય છે કે તેણે એ તીર્થોની યાત્રા કરેલી છે અને તે તીર્થોના સંબંધની શાસ્ત્રોક્ત હકીકત પણ જાણેલી છે. ઉપરાંત કેટલોક બોધ હોય એમ પણ જણાય છે. પરંતુ તેનામાં સ્વચ્છંદે વર્તવાની બુદ્ધિ એટલી બધી તીવ્ર હતી કે તેના ગુણો પણ અવગુણરૂપ થઇ ગયા હતા, અહીં બીજો એ બોધ થાય છે કે ચંદરાજા શ્રી મુનિસુવ્રતસ્વામીના શાસનમાં તેમના નિર્વાણ પામ્યા અગાઉ થયેલા છે. જેથી સમેતશીખરપર ૧૭ પ્રભુ સિદ્ધિ વર્યાનું અને સિદ્ધાચળ પર ૧૦ ઉદ્ધાર થયાનું અને અષ્ટાપદ ઉપર રાવણ તીર્થંકર પદ હવે પછી બાંધશે એમ કહ્યું છે.

વિમળાપુરી ક્યાં આવી તે આટલા ઉપરથી ચોકસ થઇ શકતું નથી. કેટલાક સિદ્ધાચળની તળેટીમાં વિમળાપુરી કહે છે અને હાલમાં જ્યાં વળા ગામ છે ત્યાં તેનું સ્થાન જણાવે છે પણ અહીં સિદ્ધાચળ બતાવ્યા પછી ગિરનાર પણ બતાવ્યો છે અને દૂરથી લવણ સમુદ્ર બતાવીને તેનું પણ કેટલુંક વર્ણન કર્યું છે. તેથી વિમળા પુરીનું સ્થાન મુકરર કરવામાં મુશ્કેલી પડે છે. વળી એ વખતને આજે લાખો વર્ષ થઇ ગયા હોવાથી તે સ્થાન મુકરર થવું પણ મુશ્કેલ છે.

વિમળાપુરી નજીક આવતાં તે નગરીનું વીરમતિએ (અહીં રાસમાં કર્તાએ) બહુ ઉપમાઓ આપીને વર્ણન કર્યું છે પરંતુ તે બહુ ઉપયોગી ન હોવાથી અહીં ટુંકામાંજ આપ્યું છે.

આંબાપરથી નીચે ઉતરીને સાસુ વહુ શહેર તરફ જાય છે તે વખત પણ ચંદરાજાની ખબર પડતી નથી. ચંદરાજા તે બંનેની પાછળ દૃષ્ટિ પડે તેટલે દૂર ચાલે છે. નગરીના દરવાજા સુધી તો તે બંને સાથેજ આવે છે પછી ત્યાંથી બે વિભાગ પડે છે. સાસુજી વહુને શહેર દેખાડવા બધે ફેરવે છે અને પછી વર કન્યાને જોવા માટે લગ્ન મંડપની સમીપમાં બેસે છે અને ચંદરાજા તો પહેલીજ પોળમાં રાહ જોઇને બેશી રહેલા સિંહલરાજાના સેવકોથી સપડાય છે. સિંહલરાજાએ આ સેવકોને શા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બેસાડેલા છે ? અને તે સેવકોને ચંદરાજા આવવાની ખબર શી રીતે પડેલી છે. તે તો કાંઈક સમજવામાં આવ્યું છે. પરંતુ તેને ચંદરાજાનું શું કામ છે ? એનો ખુલાસો આગળના પ્રકરણમાં થવાનો છે. આ પ્રકરણમાં તો ચંદરાજાના અને સેવકોના સંવાદથી એટલું સમજાયું છે કે આજે રાત્રે પહોર રાત ગયા પછી બે સ્ત્રીની પાછળ જે આવશે તે ચંદરાજા છે એ વાત કોઈ પણ પ્રકારે સિંહલરાજાના જાણવામાં આવી છે અને તે ઉપર તેનાથી પોતાની કાર્ય સિદ્ધિ કરી લેવા માટે તેણે ચોકીઓ બેસાડી તેમને સખ્ત હુકમ કરેલો છે કે બે સ્ત્રીની પાછળ આવનાર પુરૂષને તમારે જરૂર તરતજ મારી પાસે લઈ આવવો. એટલા ઉપરથી ચંદરાજાની અનેક પ્રકારની આનાકાની છતાં તેઓ તેને સિંહલરાજા પાસે લઈ જાય છે ત્યારેજ પોતાના કાર્યની સિદ્ધિ માને છે.

સિંહળરાજાના સેવકોની સાથેના વાદવિવાદમાં ચંદરાજા પ્રથમ તો અજાણ્યાજ થાય છે, પોતાનું નામ છુપાવે છે, તેની સાથે જવાની આનાકાની કરે છે, બીજી પણ અનેક પ્રકારની યુક્તિઓ વાપરે છે પણ સેવકોને ચોક્સ સમજાવી રાખેલા હોવાથી તેનું ચાલી શકતું નથી. તેની સાથેની વાતચિતથી કેટલુંક તો સમજવામાં આવે છે પરંતુ તેની મતલબ શી છે તે સમજવામાં આવતું નથી. અહીં કર્તાએ ચંદરાજાની રાહ કેવી જોવાય છે ત્યાં સંસારી જીવ જેમ ક્ષાયકભાવની રાહ જુએ છે તેમ આ સેવકો અને સિંહળરાજા ચંદરાજાની રાહ જોઈ રહ્યા છે એમ કહ્યું છે. જે જીવોને સમ્યગ્ બોધ થયેલો હોય છે તેઓ ક્ષયોપશમ ભાવના કોઈ પણ ગુણોથી રાચતા નથી, તેઓ તો નિરંતર ક્ષાયકભાવના જ્ઞાનાદિ ગુણ મેળવવાના ઇચ્છક હોય છે કે જે ગુણ પ્રાપ્ત થયા પછી જતાજ નથી. આ વાત કર્મગ્રંથાદિક અનેક શાસ્ત્રોથી સમજવા યોગ્ય છે. અહીં અપ્રસ્તુત હોવાથી તેનો વિસ્તાર કરવામાં આવ્યો નથી.

છેવટે ચંદરાજા સિંહળરાજા પાસે જાય છે. તે વખતે જાણે પારાવાર સ્નેહ ઉભરાઈ જતો હોય તેવો પ્રેમ સિંહળરાજા બતાવે છે. પુરેપુરી કપટકળા કેળવવાની શરૂઆત કરે છે. ચંદરાજા કુશળ હોવાથી તે બધું સમજી જાય છે પણ વખત ને સ્થળ જુદી તરેહના હોવાથી તે સાંભળ્યાજ કરે છે. મતલબી સિંહળરાજા તેને પોતાના સિંહાસનપર બેસાડે છે ને પોતે સામે બેસે છે. પ્રપંચી મનુષ્યો અનેક પ્રકારની વાગ્જાળ પાથરે છે અને તેમાં ભોળા માણસોને સપડાવે છે. જો કે તે પ્રપંચનું માઠું પરિણામ તો તેને પોતાનેજ સહન કરવું પડે છે પરંતુ એકવાર તો બીજા માણસને કષ્ટમાં નાખે છે. ચંદરાજા બરાબર સપડાય છે. તેનું મન પોતાની માતા પાસે છે ને શરીર અહીં છે. સાસુ વહુ પાછા ચાલ્યા જાય અને પોતે અહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહી જાય તેનો તેને મોટો ભય છે. પરંતુ પરસ્વાધીન માણસ શું કરી શકે

હવે આગળ ઉપર સિહળરાજા શું કાર્ય બતાવે છે ? અને ચંદરાજા તે કાર્ય શી રીતે કરી આપે છે ? તેમજ સાસુ વહુની વરકન્યાને જોવાની ઇચ્છા કેવી રીતે પૂરી પડે છે ? તે સંબંધી વર્ણન આપણે આગળના પ્રકરણમાં જોશું. હાલ તો આ પ્રકરણનું આટલું રહસ્ય ધ્યાનમાં રાખી વિરમવામાં આવે છે.

# देरासरमां विजळिक रोशनी.

હાલમાં દેરાસરની અંદર ઘીની અથવા કોપરેલની રોશની કરવાનો રીવાજ બહુધા પ્રચલિત છે; તેમાં પણ ગર્ભગૃહ (ગભારા) ની અંદર તો પ્રાયે ઘીના જ દીવા કરવામાં આવે છે. હજુ મીણબત્તી, ઘાસલેટ, કીટસન અને ગ્યાસની રોશની કોઇ દેરાસરમાં દાખલ થયેલી જણાતી નથી. પરંતુ તે બધી રોશની કરતાં વધારે પ્રકાશિત વિજળિક રોશની હાલમાં સુરતમાં લાઇન્સની અંદર આવેલા દેરાસરજીમાં દાખલ કરવામાં આવી છે. આ રોશની દેરાસરમાં દાખલ કરવી યોગ્ય છે કે કેમ ? તે સંબંધમાં બે મત હોવાથી તેના લાભ હાનિ વિગેરે વધારે સ્પષ્ટતાથી તપાસવાની જરૂર છે.

વિજળિક રોશની દાખલ કરવાથી ખર્ચમાં એકંદર ઘણો ફાયદો છે. હાંડી ઝુમર વિગેરે ચીનીખાનાનો મોટી રકમનો ખર્ચ તેને માટે કરવો પડતો નથી. ચીનીખાનું ઉટકવા–સાફ કરવાને લગતો ખર્ચ બીલકુલ બંધ પડે છે. રોશની કરનાર માણસનો ખર્ચ રહેતો નથી કારણકે માત્ર ચાંપ દાબવાથી રોશની થાય છે અને ઓલવાય છે. ચીનીખાનાની ફુટટુટ અને માગ્યું આપવા લેવાની ઉપાધિ બંધ પડે છે. આ શિવાય જીવ હિંસા સંબંધી વિચાર કરતાં ઘીની, કોપરેલની કે બીજા તેલની રોશનીમાં તેની અંદર પડીને અને દીવાની જયોતિમાં ઝંપલાઇને જે જીવવિરાધના થાય છે તે આમાં બીલકુલ થતી નથી. રોશનીના ગ્લાસ ભરીને મુકે છે ને ખાલી કરે છે ત્યાં અને રાખી મુકે છે ત્યાં ચીકાશને લઇને સંખ્યાબંધ ત્રસ જીવો નાશ પામે છે તેમજ પુષ્કળ લીલફુલ વળી જાય છે. તે વિરાધના આ રોશનીમાં બીલકુલ થતી નથી. ઘી અને તેલ ખરીદ કરવાની અને રાખી મુકવાની ઉપાધિ પણ દૂર થાય છે અકસ્માત તરફ નજર કરતાં દીવા કરતાં, ઓલવતાં અથવા વચમાં દીવાની ઝાળ વધી જવાથી બીજી રોશનીમાં જે અકસ્માતનો ભય રહે છે તે આમાં રહેતો નથી. હવે છેલ્લો વિચાર તેના ઉત્પત્તિ સ્થાન તરફ નજર કરવા સંબંધી છે. વિજળિક રોશનીનો પ્રવાહ જ્યાં ઉત્પન્ન કરવામાં આવે છે ત્યાં જુદી જુદી જાતના ગુહ્યશક્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પદાર્થો એકઠા કરવામાં આવે છે અને ઈંજીનની સહાયથી તેનો પ્રવાહ ઉત્પન્ન કરવામાં આવે છે પરંતુ તેમાં કોઈ પ્રકારનો જીવત્ર કે મદિરાની જેવો આથો કરવામાં આવતો નથી.

આટલી હકીકત ઉપરથી વિજળિક રોશનીના લાભ કેટલાક સમજી શકયા હશે. તેમાં પણ જ્યાં તેનું કારખાનું કોઈ કંપની કે વેપારીએ કરેલું હોય અને તે જોઈએ તેટલી રોશની પૂરી પાડે તેમ હોય તો એ રોશનીમાં ઉપાધિ, આરંભ ને ખર્ચ બહુ ઓછો થાય છે. મુંબઈ જેવા શહેરમાં જ્યાં આવી સગવડ છે અથવા હવે પછી જ્યાં એવી સગવડ થાય ત્યાંને માટેજ આ રોશની દાખલ કરવી યોગ્ય છે કે નહીં એ સવાલ છે. ખાસ એને માટે તેનો પ્રવાહ તૈયાર કરવાની ભાંજગડમાં પડવું તે તો મોટો આરંભ જણાય છે. તેથી તેને માટે વિચાર કરવાની જરૂર નથી.

એ બત્તીના કાચના ગ્લોબ ડબલ રાખવામાં આવેછે, તેનાપર હાથ મુકતાં તે ઉષ્ણ લાગતા નથી. તેને અથડાઈને પણ ઘણા ત્રસ જીવોનો વિનાશ થવાનો સંભવ નથી. કીટ્સન લાઈટમાં કેટલીક ઋતુમાં ને કેટલેક સ્થળે જે પુષ્કળ જીવ વિરાધના દેખાય છે તેવી આમાં દેખાતી નથી.

કદિ ગર્ભગૃહમાં આ રોશની દાખલ કરવી યોગ્ય ન જણાય તો રંગમંડપમાંજ તેને માટે એવી ગોઠવણ કરી શકાય છે કે જેથી તેનો પ્રકાશ ગભારામાં એટલો બધો પડી શકે કે ગભારામાં તે રોશની કરવાની જરૂરજ ન પડે.

આ રોશની દાખલ કરવાના સંબંધમાં આ લેખકનો કે કોઈનો આગ્રહ છે તેમ આ લેખ વાંચનાર ભાઈઓએ બીલકુલ માનવાનું નથી—તેવું છેજ નહીં. માત્ર આ રોશની દાખલ કરવામાં વાંધો છે કે નહીં? તેનો નિર્ણય કરવા માટેજ આ લેખ લખવામાં આવ્યો છે. વળી તેની અંદર કોઈ અજ્ઞાત (અજાણી) હાનિ હોય તો તે જો જાણવામાં આવે તો ભૂલ થતી અટકે તેટલા માટે તેમજ જો હાનિ ન હોય ને ઉપર જણાવેલ લાભ હોય તો દાખલ થવાની જ્યાં સગવડ હોય ત્યાં દાખલ કરવાની તજવીજ થઇ શકે તેટલા માટે તદ્દન મધ્યસ્થ વૃત્તિએ આ લેખ લખવામાં આવ્યો છે.

છેવટે એક દલીલ જે ઘૃતના દીવાના લાભની છે તે એ છે કે તેથી હવામાં સુધારો થાય છે તો તેને પણ વિજળિક રોશની દાખલ થવાથી કાંઇ અટકાયત થતી નથી. કારણકે તે હેતુ પાર પાડવાને ગર્ભગૃહમાં મરજીમાં આવે તેટલા દીવા ઘીના કરવામાં આવે તો તેમાં કાંઇ વાંધા જેવું નથી. આ બાબત હાલ તો માત્ર જૈનવર્ગમાં ચર્ચા ચલાવવા માટે જ ઉપસ્થિત કરવામાં આવી છે. તેથી એના સંબંધમાં અમારે પ્રકાશ પાડે તેવી કાંઇ પણ હકીકત કોઇના જાણવામાં હોય તો તેમણે ખુશીથી લખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોકલવી. તે ખુશીથી દાખલ કરવામાં આવશે. ચીનીખાનાનો ખર્ચ અને તે રોશની-ને અંગે ઉપાધિ એટલી બધી છે કે તે આ રોશની કરવાની વહેલી મોડી જરૂર પાડશે એમ ધારીને પ્રથમથી ચોખવટ થવા સારૂ આ લેખ લખ્યોછે. આશા છે કે વાચક ગ્રાહી બંધુઓ તેમાંથી સારજ ગ્રહણ કરશે.

---

# પૂર્વ પુરૂષોના ઉચ્ચ આશયનો નમુનો

શ્રી સેનપ્રશ્નમાં શ્રી હીરવિજય સૂરિએ દ્વાદશ જલ્પ કહેલા છે તે ખાસ જાણવા યોગ્ય હોવાથી આ નીચે પ્રગટ કર્યાં છે.

આ જલ્પ સંવત ૧૬૪૬ ના પોસ વદિ ૧૩ શુક્ર શ્રીહીરવિજયસૂરિ મહારાજે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા યોગ્ય શ્રી પાટણ લખેલા છે.

૧ પર પક્ષીને કોઇએ કાંઇપણ કઠણુ વચન કહેવું નહીં.

૨ પર પક્ષી કૃત ધર્મકાર્ય સર્વથા અનુમોદવા યોગ્ય નહીં, એમ કોઇએ ન કહેવું. કારણ કે દાનરૂચિ પણું, દાક્ષિણ્યાળુપણું, દયાળુ પણું ઇત્યાદિક માર્ગાનુસારી ધર્મ કાર્ય જિન શાસનથી અન્યનું પણ શાસ્ત્રાનુસાર અનુમોદન યોગ્ય જણાય છે તો પછી જૈન એવા પરપક્ષી સંબંધી માર્ગાનુસારી ધર્મ કાર્ય અનુમોદવા યોગ્ય હોય તેમા તો શું કહેવું?

૩ ગચ્છનાયકને પૂછ્યા વિના કોઇએ કોઇ શાસ્ત્ર સંબંધી પ્રરૂપણા કરવી નહીં.

૪ દિગંબર સંબંધી ચૈત્ય, કેવળ શ્રાદ્ધ પ્રતિષ્ઠિત ચૈત્ય તથા દ્રવ્ય લિંગીના દ્રવ્યથી થયેલા ચૈત્ય—એ ત્રણ ચૈત્યવિના બીજા સઘળા ચૈત્ય વાંદવા પૂજવા યોગ્ય જાણવા. એ વાતમાં કાંઇ પણ શંકા ન કરવી.

૫ સ્વપક્ષીના ઘરમાં પૂર્વોક્ત ત્રણ ચૈત્યની અવંદનિક પ્રતિમા હોય તે સાધુના વાસક્ષેપે વાંદવા પૂજવા યોગ્ય થાય.

૬ સાધુએ કરેલી પ્રતિષ્ટા શાસ્ત્રસંમત છે.

૭ સાધર્મીવાત્સલ્ય કરતાં સ્વજન સંબંધી હોવાથી કદાચિત પરપક્ષીને જમાડે તો તેથી સ્વામી વત્સળ ફોક ન થાય.

૮ શાસ્ત્રોક્ત દેશવિસંવાદી નિંન્હવ સાત અને સર્વ વિસંવાદી નિન્હવ એક—તે સિવાય બીજા કોઇને નિન્હવ ન કહેવા.

૯ પર પક્ષી સંગાતે ચર્ચાની ઉદીરણા કોઇએ ન કરવી, પર પક્ષી કોઇ ઉદીરણા કરે તો શાસ્ત્રને અનુસારે ઉત્તર દેવો; પણ કલેશ ન વધે તેમ કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦ શ્રી વિજય દાન સૂરિએ બહુ જન સમક્ષ જળ શરણ કરેલ ઉત્સૂત્ર કંદ કુદ્દાલ ગ્રંથ તથા તે માંહિલો અસંમત અર્થ બીજા કોઇ શાસ્ત્રમાં કોઇએ આણ્યો હોય તો તે અર્થ ત્યાં અપ્રમાણ જાણવો.

૧૧ સ્વ પક્ષી સાધને અયોગે પરપક્ષી સાથે યાત્રા કરે તો તે યાત્રા ફોક ન થાય.

૧૨ પૂર્વાચાર્યની નિશ્રાએ પર પક્ષીએ કરેલા સ્તુતિ સ્તોત્રાદિ જે કહેવાતાં હોય તે કહેવાની કોઇએ ના ન કહેવી.

આ ઠરાવ નીચે શ્રી વિજયસેનસુરિ, ઉપાધ્યાય શ્રી વિમળહર્ષગણિ, શ્રી સોમવિજયગણિ, શ્રી ધર્મસાગરગણિ, શ્રી શાંતિચંદ્રગણિ, શ્રી કલ્યાણવિજયગણિ, શ્રી સોમવિજયગણિ ( બીજા ), શ્રી સહજસાગરગણિ, શ્રી કાન્હર્ષિગણિ એટલાની સહીઓ સંમતિસૂચક છે.

આ ઠરાવો જુની ગુજરાતી ભાષામાં લખાયેલા છે, તેના પરથી અહીંઆ પ્રચલિત ભાષામાં લખવામાં આવ્યા છે.

આ બાર બોલ ઉપરથી તે વખતના આચાર્ય મહારાજા વિગેરે કેવા મધ્યસ્થ વૃત્તિવાળા, કઠણ વચન કોઇને પણ નહીં કહેવાવાળા, ગુરૂ મહારાજની આજ્ઞાને આધીન વર્તનારા, સ્વપક્ષ પરપક્ષમાં સમાન બુદ્ધિવાળા, ખરા ન્યાયને આગળ કરનારા, નિષ્કારણ ક્લેશની ઉદીરણા નહીં કરવાવાળા, ઉન્માર્ગનું નિકંદન કરવાવાળા તેમજ શુદ્ધ માર્ગને ઓળખાવનારા હતા તે સહેજે સમજાઇ જાય છે. આવા મહાપુરૂષો આચાર્ય, ઉપાધ્યાય, પન્યાસ ને ગણિ વિગેરે શાસનના સ્થંભભૂત, શાસનને શોભાવનારા, શાસનને ઉપદ્રવ કરનારનું ઉન્મૂલન કરનારા છતાં શાંતવૃત્તિને સેવનારા, ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરવા ને કરાવવામાં નિરંતર સાવધાન રહેનારા આત્માનું હિત થાય તેવે માર્ગેજ પ્રવૃત્તિ કરનારા અને નિરંતર હિતાહિતનો તોલ કરનારા હતા. તેમના પુન્ય પ્રતાપથીજ અત્યારે પણ શાસનની ઉજ્વળતા દ્રષ્ટિગોચર થાય છે. તેમાં જેટલી મલિનતા દેખાય છે તે આપણા આચાર, વિચાર, પ્રવૃત્તિ વિગેરેને આભારી છે. આપણે જો પૂર્વ પુરૂષોને પગલેજ ચાલીએ; તેમણે કરેલા ઠરાવોને બરાબર અનુસરીએ, સ્વેચ્છાએ કાંઇ પણ પ્રવૃત્તિ ન કરીએ, અને આ ઠરાવો આપણે માટે પણ છે એમ સમજીએ તો શાસનની ઉજ્વળતામાં વૃદ્ધિ થાય. ક્લેશ માત્ર શમી જાય અને શાસનની ઉન્નતિ થાય. આવા હેતુથી આ બોલ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આશા છે કે ઉત્તમ મુનિ મહારાજ અને સુજ્ઞ શ્રાવકો તે લક્ષ પૂર્વક વાંચી તેમાંથી સાર ગ્રહણ કરી તેનો ઉચીત ઉપયોગ કરશે.

For Private And Personal Use Only

# सुरत जील्ला माटे खास लेवायली “श्री जैन धार्मिक प्राथमिक परिक्षा”ना इनामना मेळावडानो हेवाल.

તા–૨૪–૧–૧૨ ના રોજ શ્રી સુરત વડાચૌટાના ઉપાશ્રયમાં વ્યાખ્યાન અવસરે “શ્રી જૈન ધાર્મિક પ્રાથમિક પરીક્ષા”ના ઇનામનો મેળાવડો કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં શ્રી વડાચૌટા જૈન વિદ્યાશાળાના ઓનરરી સેક્રેટરી મી. મગનલાલ ચરુ શીતલદાસ બદામીએ મજકુર પરીક્ષા ઉદ્ભવવાનું કારણ નીચે પ્રમાણે વાંચી સંભળાવ્યું હતું :—

હાલમાં કેટલીક મુદત થયાં શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષા લેવાની શરૂઆત થઈ છે પરંતુ તેમાં પહેલા ધોરણનો અભ્યાસક્રમ કે જે પંચ પ્રતિક્રમણ અર્થ સહિતનો છે. તે શરૂઆતમાં વિદ્યાર્થીઓને ભારે પડતો જણાવાથી અત્રેના ધાર્મિક કેળવણીના અનુભવી ગૃહસ્થોની સૂચના અનુસાર ફક્ત બે પ્રતિક્રમણ અર્થ સહિત (હેતુ, યુક્તિ, સમજુતીપૂર્વક) નું જ્ઞાન દ્રઢીભૂત થાય એવા ઉદ્દેશથી પ્રથમ તેટલાની પરીક્ષા લેવી પણ જરૂરની છે; અને તે માટે હાલ અજમાયશ તરીકે સુરત જિલ્લાના વિદ્યાર્થીઓ માટે તે પરીક્ષા સુરત મુકામે લેવાનું મુકરર કરવામાં આવ્યું છે”

ચાલુ સાલ માટે રા. રા. શેઠ મોતીચંદ હીરાચંદ સોનાચાંદીવાળા તરફથી રૂ. ૨૫) આપવા ખુશી બતાવ્યાથી તે રકમનાં નીચે પ્રમાણે ચાર ઇનામો ઉપલા નંબરે પાસ થનાર ચાર વિદ્યાર્થીઓને આપવામાં આવ્યાં હતાં:—

૧ લું ઇનામ રૂ. ૧૦) ત્રીભોવનદાસ છોટાલાલ.
૨ જું ,, રૂ. ૭) મણીલાલ રસિકદાસ.
૩ જું ,, રૂ. ૫) મોહનલાલ મયાચંદ.
૪ થું ,, રૂ. ૩) નગીનચંદ જગજીવનદાસ.

પ્રસંગાનુસાર મુનિવર્યશ્રી પ્રવર્તકજી કાન્તિવિજયજી મહારાજ સાહેબે બહુ અસરકારક રીતે જ્ઞાનપ્રાપ્તિને માટે દૃષ્ટાંતો પૂર્વક ઉપદેશ શ્રોતાઓને આપ્યો હતો.

છેવટે આવતા બે વર્ષ માટે અત્રેના રા. રા. શેઠ ચુનીલાલ છગનચંદ શરાફ તથા શેઠ. મોતીચંદ હીરાચંદ સોનાચાંદી વાળાએ દરસાલ માટે ઇનામના રૂ. ૨૫) આપવા પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી, અને ફક્ત ગૃહસ્થોનું અનુકરણ અન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણી રસિક બંધુઓ કરશે એવી આશા રાખવામાં આવી હતી.

બાદ મેળાવડાનું કામ સમાપ્ત થયું હતું.

## नवाणु यात्राना अनुभवनी बुकमां सुधारो.

ઉપરના નામની બુક નવાણુ યાત્રા કરવાના અભિલાષીને ભેટ આપવા માટે અમારા તરફથી છપાવવામાં આવી છે. તેમની અંદર સિદ્ધાચળજીના ૧૦૮ નામ લખતાં પંડિત શ્રી વીરવિજયજી કૃત નવાણુ પ્રકારી પૂજા ઉપરથી ૯૯ નામ મળ્યા તે લખ્યા છે. બાકીના નવ નામો માટે નીચે નોટ કરવી પડી છે. હાલમાં ઉપાધ્યાય શ્રી પદ્મવિજયજી મહારાજ કૃત સિદ્ધાચળજીના ૧૦૮ નામોના સ્તવનનું એક પાનું જોવામાં આવ્યું છે. જો કે તે પણ અપૂર્ણ હોવાથી તેમાં પ્રથમના ૫૪ નામો નથી પરંતુ જે નામો છે તે તપાસતાં તેમાં ૯ નામો ૯૯ ઉપરાંત તેનાથી જુદા નીકળે છે નીચે પ્રમાણે—

| | | |
|---|---|---|
| ૧ વિશ્વ પ્રભ | ૨ કયંબુ | ૩ હરિપ્રિય |
| ૪ ત્રિભુવન પતિ | ૫ પ્રત્યક્ષ ગિરિ | ૬ સિદ્ધભાજ |
| ૭ વૈજયંત | ૮ ઋષિ વિહાર | ૯ સર્વકામદ |

આ નવ નામો ઉમેરવામાં આવે તો ૧૦૮ થઇ રહે છે. આમાં સિદ્ધભાજ નામ છે તેનો અર્થ સિદ્ધના ભાજન–સ્થાન એવો જણાય છે અને ઋષિ વિહારની જગ્યાએ પ્રતમાં અશી વિહાર હતું પણ તે બરાબર ન લાગવાથી સુધાર્યું છે.

એ બુકના પૃષ્ટ ૪૩ માં ૧૬ ઉદ્ધારો પૈકીની હકીકત છે તેમાં ૧૬ મા ઉદ્ધારનો સંવત ૧૩૭૧ છપાયેલ છે તે ભૂલ છે–તેને બદલે સંવત ૧૫૮૭ વાંચવા.

બીજી કોઇપણ ભૂલ જણાવવામાં આવશે તો સુધારશું.

કુંવરજી આણંદજી

For Private And Personal Use Only